# Essay Book

## Sem-1 2026-'27

## EXAM PLUS

C/o. Nandini Publication,

Navagadh Chowkadi, Uttar Darwaja Road,

After Koteswar Mahadev Temple, Navagadh.

Ta. Jetpur Dist. Rajkot (Gujarat)

Mo. 99795 55105 - Phone: 02823 356 102

Visit us at

www.examplusspaper.com

| ક્રમ | નિબંધ – પત્રલેખન – વિચાર વિસ્તાર | પાના નંબર |
|---|---|---|
| 1 | ધો. ૩ ગુજરાતી નિબંધ | 1 |
| 2 | ધો. ૪ ગુજરાતી નિબંધ | 2 |
| 3 | ધો. ૫ ગુજરાતી નિબંધ | 5 |
| 4 | ધો. ૫ હિન્દી નિબંધ | 11 |
| 5 | ધો. ૫ અંગ્રેજી નિબંધ | 16 |
| 6 | ધો. ૬ ગુજરાતી નિબંધ | 19 |
| 7 | ધો. ૬ હિન્દી નિબંધ | 24 |
| 8 | ધો. ૬ અંગ્રેજી નિબંધ | 29 |
| 9 | ધો. ૭ ગુજરાતી નિબંધ | 31 |
| 10 | ધો. ૭ હિન્દી નિબંધ | 37 |
| 11 | ધો. ૭ અંગ્રેજી નિબંધ | 42 |
| 12 | ધો. ૮ ગુજરાતી નિબંધ | 44 |
| 13 | ધો. ૮ હિન્દી નિબંધ | 51 |
| 14 | ધો. ૮ અંગ્રેજી નિબંધ | 59 |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

# ધોરણઃ ૩ ગુજરાતી

## દિવાળી

દિવાળી આસો મહિનાની અમાસે આવે છે.

નવરાત્રિ પછી લોકો દિવાળીની તૈયારી કરે છે. તેઓ ઘરની સફાઈ કરે છે. ઘર રંગાવે છે. વાસણો માંજીને ચકચકિત કરે છે. નવાં કપડાં, વાસણો, ફટાકડા વગેરેની ખરીદી કરે છે. જાતજાતની મીઠાઈઓ બનાવે છે.

દિવાળીનો તહેવાર પાંચ દિવસનો છે : ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ. દિવાળીમાં લોકો ઘરને રોશનીથી શણગારે છે. બહેનો આંગણામાં સાથિયા પૂરે છે અને દીવા મૂકે છે. વેપારીઓ ચોપડાપૂજન અને લક્ષ્મીપૂજન કરે છે. લોકો દેવમંદિરે દર્શન કરવા જાય છે. બેસતા વર્ષના દિવસે લોકો એકબીજાને 'સાલમુબારક' કહે છે. કેટલાક લોકો સગાંસંબંધીઓને દિવાળીકાર્ડ મોકલે છે. શાળામાં દિવાળીની રજાઓ હોય છે. તેમને નવાં કપડાં પહેરી ફટાકડા ફોડવાની ઘણી મજા પડે છે.

દિવાળી આપણો મોટો ધાર્મિક તહેવાર છે.

## મારો જન્મદિવસ

મારો જન્મદિવસ બીજી નવેમ્બરે આવે છે.
અમે દર વર્ષે મારો જન્મદિવસ ઊજવીએ છીએ.

મારા જન્મદિવસે હું સવારે વહેલો ઊઠું છું. નાહીધોઈ નવાં કપડાં પહેરી તૈયાર થઈ જાઉં છું પછી હું મમ્મી–પપ્પા અને દાદાદાદીને પગે લાગું છું. તેઓ મને આશીર્વાદ આપે છે. મારી મમ્મી મને મંદિરે દર્શન કરવા લઈ જાય છે. ત્યાં હું ભગવાનને પગે લાગું છું. મારી મમ્મી મંદિરની બહાર બેઠેલા ભિખારીઓને મીઠાઈ વહેંચે છેસાંજે અમારા સંબંધીઓ અને મિત્રો અમારે ઘેર આવે છે. તેઓ મને જન્મદિવસની મુબારકબાદી આપે છે અને સુંદર ભેટો આપે છે. હું તે બધાંનો આભાર માનું છું.
પછી અમે સાથે બેસીને જમીએ છીએ.

જન્મદિવસ મારો સૌથી વધારે આનંદનો દિવસ છે.

**મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.**
**મો. 99795 55105**

# ધોરણ: ૪ ગુજરાતી

## ચોમાસું



વર્ષની મુખ્ય ત્રણ ઋતુઓ છે : શિયાળો, ઉનાળો અને ચોમાસું. ચોમાસામાં વરસાદ પડે છે, તેથી તેને વર્ષાઋતુ પણ કહે છે.

વર્ષાઋતુમાં આકાશ કાળાં કાળાં વાદળાંથી છવાઈ જાય છે. ઠંડો પવન ફૂંકાય છે. વીજળીના ચમકારા અને વાદળાંના ગડગડાટ સાથે વરસાદ તૂટી પડે છે. આથી નાનાં–મોટાં સૌ આનંદમાં આવી જાય છે. મોર કળા કરીને નાચે છે. દેડકાં 'ડ્રાઉં...', 'ડ્રાઉં...' કરે છે.

ખેડૂતો ખેતર ખેડે છે. તે ખેતરમાં બી વાવે છે. થોડા દિવસોમાં એ બીમાંથી લીલાછમ છોડ ઊગી નીકળે છે. ધરતી પર લીલું ઘાસ ઊગી નીકળે છે. કૂવા, તળાવ, નદીનાળાં પાણીથી ભરાઈ જાય છે.

રક્ષાબંધન, જનમાષ્ટમી, નવરાત્રિ અને દિવાળી જેવા મોટા તહેવારો વર્ષાઋતુમાં આવે છે. લોકો આ તહેવારો આનંદથી ઊજવે છે.

વર્ષાઋતુમાં કોઈ વાર ભારે વરસાદ પડે તો ઘણું નુકશાન થાય છ. અનાજ પાકતું નથી. તેને 'લીલો દુકાળ' કહે છે. કોઈ વાર તદન ઓછો વરસાદ પડે છે. તેથી અનાજ પાકતું નથી તેને 'સૂકો દુકાળ' કહે છે.

વર્ષાઋતુ આપણને ઘણી ઉપયોગી છે. તેથી તે મારી પ્રિય ઋતુ છે.

## મારો શોખ

હું ચોથા ધોરણમાં ભણું છું. મને વાંચવું, લખવું, ફરવું અને રમવું ગમે છે. ચિત્રકળા મારો શોખનો વિષય છે.


મને ચિત્રો દોરવા ખૂબ જ ગમે છે. શાળામાં ચિત્રનો પીરિયડ આવતાં હું રાજી રાજી થઈ જાઉં છું. હું સરસ ચિત્ર દોરું છું અને તેમાં મનગમતા રંગો પૂરું છું. મારા ચિત્રશિક્ષક મારાં ચિત્રો જોઈને ખુશ થાય છે. તે મારાં સારાં ચિત્રોને શાળાનાં નોટિસ બોર્ડ પર મૂકે છે.

હું ચિત્રસ્પર્ધામાં પણ ભાગ લઉં છું. મને ચિત્રકામ માટે ત્રણ વખત પહેલું ઈનામ મળ્યું છે. મારા પપ્પાએ મને ચિત્રની ઘણી ચોપડીઓ અને રંગો લાવી આપ્યાં છે. હું ચિત્રો દોરીને દિવાળીકાર્ડ પણ જાતે બનાવું છું.

હું ઉનાળાની રજાઓમાં ચિત્રોનો વર્ગ ભરું છું.

હું મોટો ચિત્રકાર બનવાની ઈચ્છા ધરાવું છું.

## સિંહ



સિંહ જંગલી પ્રાણી છે.

સિંહનો રંગ કેસરી હોય છે.

સિંહને મોટું માથું અને પાતળી કમર હોય છે. તેની ડોક પર વાળ હોય છે. તેને 'કેશવાળી' કહે છે. સિંહણને કેશવાળી હોતી નથી. સિંહને અણીદાર અને મજબૂત દાંત તેમજ નહોર હોય છે. તેના વડે તે જંગલી પ્રાણીઓનો શિકાર કરે છે.

સિંહ ગુફામાં રહે છે.

સિંહની ગર્જના સાંભળીને જંગલનાં પ્રાણીઓ ભયભીત થઈ નાસભાગ કરે છે.

ગુજરાતમાં આવેલા ગીરના જંગલમાં જ સિંહોની વસ્તી છે. શહેરના પ્રાણીબાગમાં પણ સિંહ રાખવામાં આવે છે.

સિંહ સૌથી વધુ બળવાન પ્રાણી છે. તે 'જંગલનો રાજા' કહેવાય છે. તે ભૂખ્યો થાય ત્યારે જ શિકાર કરે છે.

સિંહ સુંદર પ્રાણી છે.

## કાગડો



કાગડો એ ઘરઆંગણાનું પક્ષી છે.

કાગડો રંગે કાળો હોય છે.

કાગડાને બે પાંખો, બે આંખો અને બે પગ હોય છે.

કાગડો ઝાડની ઘટામાં માળો બાંધે છે. તેનો માળો ઢંગધડા વગરનો હોય છે. કોયલ તેના માળામાં ઈંડા મૂકી જાય છે પણ તેની તેને ખબર પડતી નથી. તે કોયલના ઈંડાને પોતાના ઈંડા સમજીને સેવે છે.

કાગડો દાણા, જીવાડાં અને એઠવાડ ખાય છે.

કાગડો ખૂબ ચકોર હોય છે. તેને સહેલાઈથી પકડી શકાતો નથી. વળી તે આપણા હાથમાંથી ખાવાની વસ્તુ પડાવી જાય તો ખબરેય ન પડે. કાગડો 'કા...' , 'કા...' બોલે છે. કાગડાની આ કર્કશ વાણી કોઈનેય સાંભળવી ગમતી નથી.

કાગડાની જાત ખૂબ જ સંપીલી હોય છે. જયારે કોઈપણ આફત આવે ત્યારે બધા કાગડા ભેગા થઈ રોકકળ કરી મૂકે છે. ઘર ઉપર કાગડો બોલે તો મહેમાન આવે એવું લોકો માને છે.

કાગડા વિષે જાતજાતની વાર્તાઓ, રૂઢિપ્રયોગો અને કહેવતો છે. મને કાગડાની વાર્તાઓ સાંભળવી બહુ ગમે છે.

**મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.**

**મો. 99795 55105**

## કસ્તૂરબા

કસ્તૂરબાનો જન્મ પોરબંદરમાં ઈ. સ. ૧૮૬૯ના એપ્રિલ માસમાં થયો હતો. તેમના પિતાનું નામ ગોકુલદાસ અને માતાનું નામ વ્રજકુંવર હતું. એમના લગ્ન નાની ઉંમરે ગાંધીજી સાથે થયાં હતાં.

કસ્તૂરબા બહુ ઓછું ભણેલાં પણ ઘણાં જાણકાર, સમજુ અને સુશીલ હતાં. તે ગાંધીજીને બધી વાતોમાં સાથ આપતાં. તે આફ્રિકામાં સત્યાગ્રહની લડતમાં જોડાયાં અને જેલમાં પણ ગયાં. કસ્તૂરબા ટેકીલાં અને ધર્મપરાયણ હતાં. જેલમાં તેમણે નકોરડા ઉપવાસ કર્યા પણ બીજાના હાથનું રાંધેલું ખાધું નહિ.

ગાંધીજીએ અમદાવાદમાં સાબરમતી નદીને કાંઠે સત્યાગ્રહ આશ્રમ સ્થાપ્યો. બાએ ઘંટીએ દળવાનું કામ ઉપાડી લીધું. નાજુક બાંધાનાં બાને દળતાં જોઈને સહુને ભારે ઉત્સાહ આવ્યો. આશ્રમનું વાતાવરણ ખીલી ઊઠયું.

કસ્તૂરબામાં અખૂટ શકિત અને શ્રદ્ધા હતાં. ૧૯૪૨ની 'હિંદ છોડો'ની લડતમાં બાપુજી સાથે પૂનાના આગાખાન મહેલમાં બા પણ કેદી બનીને ગયાં. ત્યાં તેમનું અવસાન થયું.

સૌ માટે કસ્તૂરબા 'અમારાં બા' હતાં.

**મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.**

**મો. 99795 55105**

# ધોરણ: 5 ગુજરાતી

## મારી પ્રિય રમત

ક્રિકેટ મારી પ્રિય રમત છે.

મને ક્રિકેટની રમત રમવાનો અને જોવાનો ખૂબ શોખ છે. મારા કાકા અને મારા મોટા ભાઈ ક્રિકેટના ખેલાડી છે. તેઓ દરરોજ સવારે નિયમિત ક્રિકેટ રમવા જાય છે. હું ઘણી વાર તેમની સાથે ક્રિકેટની રમત જોવા જાઉં છું.

હું દરરોજ એક કલાક મારી સોસાયટીના મિત્રો સાથે ક્રિકેટ રમું છું. હું મારી શાળાની ક્રિકેટ ટીમનો કેપ્ટન છું. અમે દર રવિવારે શાળાના બે વર્ગો વચ્ચે ક્રિકેટ મેચ રાખીએ છીએ. મારી બોલિંગ જોઈને સૌ મારાં ખૂબ વખાણ કરે છે. હું કોઈ પણ દેશમાં રમાતી ક્રિકેટ મેચ ટીવી પર જોવાનું ચૂકતો નથી. હું વિશ્વના મહાન ક્રિકેટરોના ફોટાઓ અને તેમના વિશેની માહિતીઓનો સંગ્રહ કરું છું. તેમાંથી મને સારા ક્રિકેટર થવાની પ્રેરણા મળે છે.

ઉનાળાની રજાઓમાં હું ક્રિકેટના વર્ગમાં તાલીમ લેવા જાઉં છું. મારા પિતાજી મને જરૂરી સાધનો લાવી આપે છે. ક્રિકેટ રમવાથી શરીરને કસરત મળે છે અને મનની એકાગ્રતા કેળવાય છે. સારા ક્રિકેટર બનીએ તો નામ અને દામ બંને મળે છે.

હું મહાન ક્રિકેટર થવાની ઈચ્છા રાખું છું.

## એક ખેડૂત અને તેના ચાર દીકરા

**એક ખેડૂત – ચાર દીકરા – ચારે દીકરા આળસુ ખેડૂતને ચિંતા – ખેડૂતની માંદગી – ચારે દીકરાઓને બોલાવવા – 'ખેતરમાં રૂપિયા ભરેલા ચરુ છે' એમ કહેવું – અવસાન – દીકરાઓએ ખેતર ખોદી કાઢવું – રૂપિયા ન મળવા – બી વાવવાં – સારો પાક થવો – બોધ.**

એક ખેડૂત હતો. તેને ચાર દીકરા હતા. આ ચારે દીકરા આળસુ હતા. તેઓ ખેડૂતને ખેતીના કામમાં જરાય મદદ કરતા ન હતા. ખેડૂત ઘણી વાર દીકરાઓને સમજાવતો, પણ તેની કોઈ અસર થતી નહિ.

એક વાર ખેડૂત બીમાર પડયો. તેની જીવવાની આશા રહી નહિ. તેણે વિચાર કરી ચારે દીકરાઓને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું, "દીકરાઓ, મને હવે જીવવાની આશા નથી. મેં આપણા ખેતરમાં તમારા ચારે ભાઈઓ માટે રૂપિયા ભરેલા ચાર ચરુ દાટી રાખ્યા છે. મારા અવસાન પછી તે ચરુ કાઢીને લઈ આવજો."

ત્યારપછી બે–ત્રણ દિવસમાં ખેડૂતનું અવસાન થયું.

ચારે દીકરાઓએ પિતાની મરણક્રિયા સારી રીતે પૂરી કરી. હવે ચારે દીકરા ખેતરમાંથી રૂપિયા ભરેલા ચરુ ખોદી કાઢવા ઊપડયા. ચરુ કયા દાટેલા છે તે તો ખેડૂતે બતાવ્યું તો નહોતું. આથી દીકરાઓએ આખું ખેતર ખોદી કાઢયું પણ તેમને રૂપિયા ભરેલા ચરુ મળ્યા નહિ.

ચારે ભાઈઓ નિરાશ થયા. એવામાં ચોમાસું શરૂ થયું. વરસાદ પડયો. ચારે ભાઈઓએ વિચાર્યું, 'આપણે ખેતર તો ખોદી કાઢયું છે. માત્ર બી વાવવાના બાકી છે. ચાલો, બી વાવી દઈએ.'

ચારે ભાઈઓએ ખેતરમાં બી વાવી દીધાં. થોડા વખતમાં બી ઊગી નીકળ્યાં. અનાજ પણ ખૂબ પાકયું. અનાજ વેચી દેતાં તેની ઘણી સારી કિંમત ઊપજી.

ચારે ભાઈઓ બહુ ખુશ થયા. હવે તેમને પિતાની વાત સમજાઈ. ત્યારપછી દર વર્ષે તેઓ ખેતરમાં ખૂબ મહેનત કરતા અને ઘણું અનાજ પકવતા. ધીમે ધીમે તે બહુ ધન કમાયા અને સુખી થયા.

**મહેનતના ફળ મીઠાં હોય છે.**

## એક નદીની આત્મકથા

મારો જન્મ એક પર્વત પર ઝરણાના રૂપમાં થયો હતો. પર્વત પરથી તળેટીમાં આવતાં મને મારા જેવી અનેક બહેનો મળી. આથી મારું સ્વરૂપ મોટું થયું. હું વહેતી વહેતી મેદાનમાં આવી. હવે હું 'નદી' તરીકે ઓળખાવા લાગી. અહીં મારી ગતિ ધીમી પડી. આગળ વધતી વધતી હું સાગરમાં ભળી ગઈ.

મારા બંને કાંઠે અનેક ગામો અને શહેરો વસ્યાં છે. મારા પાણીનો ઉપયોગ તેઓ પીવામાં, કપડાં–વાસણ ધોવામાં, ઢોરને નવડાવવામાં અને ખેતીકામમાં કરે છે. સવાર–સાંજ કેટલાક લોકો મારા કાંઠે ફરવા આવે છે અને નિરાંતે બેસે છે. બાળકો મારા કાંઠાની રેતીમાં રમે છે. તેઓને રમતાં જોઈને મને આનંદ થાય છે.

શહેરના લોકો ગટર અને કારખાનાનું ગંદું પાણી મારા પટમાં ઠાલવે છે અને મારા પાણીને ગંદું કરે છે. તે મને નથી ગમતું, આથી ચોમાસામાં કોઈ વાર હું આવેશમાં આવી જઈને પૂર લાવું છું. મારાં પાણી ખેતરો, ગામો અને શહેરોમાં ફરી વળે છે. આથી જાનમાલનું ભારે નુકશાન થાય છે. પછી મને પસ્તાવો થાય છે.

હું લોકોને ખૂબ જ ઉપયોગી હોવાથી લોકો મને 'લોકમાતા' કહે છે. તમે મારા કાંઠાને ગંદો ન કરો, મારા પાણીમાં કચરો ન ઠાલવો એ જ મારી તમને વિનંતી છે.

## જન્માષ્ટમી

જન્માષ્ટમી એક ધાર્મિક તહેવાર છે.

જન્માષ્ટમીનો તહેવાર શ્રાવણ વદ આઠમના દિવસે આવે છે. આ દિવસે મથુરાની જેલમાં ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો. તેમના પિતાનું નામ વસુદેવ અને માતાનું નામ દેવકી હતું. શ્રીકૃષ્ણના મામા કંસે 'દેવકીનું આઠમું સંતાન તારો વધ કરશે' એવી ભવિષ્યવાણી સાંભળી વસુદેવ અને દવકીને જેલમાં પૂર્યાં હતાં. કંસે દેવકીનાં સાત સંતાનોને મારી નાખ્યાં. આઠમા સંતાન તરીકે શ્રીકૃષ્ણનો જન્મ થયો. વસુદેવ શ્રીકૃષ્ણને એક ટોપલામાં સુવાડીને ગોકુળમાં રહેતા એમના મિત્ર નંદરાજાને ઘેર મૂકી આવ્યા અને ત્યાંથી નંદ–જશોદાની પુત્રીને લઈ આવ્યા. આથી જન્માષ્ટમીને 'ગોકુળ અષ્ટમી' પણ કહે છે.

જન્માષ્ટમીના દિવસે લોકો ઉપવાસ કરે છે. મંદિરોને શણગારવામાં આવે છે. લોકો દેવદર્શન કરવા મંદિરે જાય છે. રાત્રે ભજન–કીર્તન થાય છે. રાતના બાર વાગ્યે કૃષ્ણજન્મ થાય છે. લોકો ગુલાલ ઉડાડે છે, નાચે છે, કૂદે છે, અને 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી'ની ધૂન મચાવે છે. આરતી પછી પંચાજીરીનો પ્રસાદ વહેંચાય છે. બાળકૃષ્ણને પારણામાં ઝૂલાવવામાં આવે છે. દ્વારકા, મથુરા, ડાકોર જેવાં યાત્રાધામોમાં લોકોની ભારે ભીડ થાય છે. કેટલાંક સ્થળે દહીંની મટકી ફોડવાનો કાર્યક્રમ પણ રાખવામાં આવે છે. ઠેરઠેર મેળા ભરાય છે.

આમ જન્માષ્ટમીનો તહેવાર આપણો મોટો તહેવાર છે.

## પત્રલેખન

### તમારા નાના ભાઈને પુસ્તકો જાળવવાની શિખામણ આપતો પત્ર લખો.

સાગર પી. સુથાર
5, નંદનવન સોસાયટી,
ગોપીપુરા,
સુરત.
તા. 14/7/2015

ચિ. પ્રકાશ

તારો પત્ર મળ્યો. તું દાદા સાથે પાલનપુર ગયેલો હતો તેથી આપણે મળી શકયા નહિ મેં તારાં કેટલાંક પુસ્તકો ટેબલ પર પડેલાં જોયાં. પુસ્તકો પરનાં પૂંઠાં ફાટી ગયેલાં હતાં. પુસ્તકોનાં પાનાની કિનારીઓ વળી ગયેલી હતી. પુસ્તકોમાંના ચિત્રોને પેનથી વિચિત્ર બનાવી દીધેલાં હતાં. એક મહિનામાં જ નવાં પુસ્તકોની આવી દશા !

આપણે આપણાં પુસ્તકો સાચવવાં જોઈએ. પુસ્તકોને પૂઠાં ચડાવી નામ, ધોરણ, વિષય વગેરે લખવાં જોઈએ. પૂંઠાં ફાટી ન જાય કે પુસ્તકનાં પાનાંની કિનારીઓ વળી ન જાય તેની કાળજી રાખવી જોઈએ. પુસ્તકોમાંના ચિત્રોમાં પેન કે પેન્સિલથી ચિતરામણ કરી તેમને કઢંગા ન બનાવવાં જોઈએ. વળી પુસ્તકોને દફતરમાં કે કબાટમાં વ્યવસ્થિત ગોઠવીને મૂકવાં જોઈએ.

મને વિશ્વાસ છે કે તને મારી સલાહ ગમશે.

## સમજદાર બકરીઓ

**એક ઝરણા ઉપર લાકડાનો સાંકડો પુલ – બે બકરીઓનું સામસામું આવવું – બંને સમજદાર એક બકરીનું બેસી જવું અને બીજી બકરીનું તેના પરથી પસાર થવું – થોડી વાર પછી બે કુતરાઓનું સામસામું આવવું – બંને ઝઘડાળુ – બંનેનું ઝઘડવું – ઝરણામાં પડવું – બોધ.**

એક ઝરણું હતું. તેના ઉપર લાકડાનો સાંકડો પુલ હતો. ચોમાસના દિવસો હતા. ઝરણામાં પાણી વેગથી વહી રહ્યું હતું. બે બકરીઓ પુલના સામસામેના છેડાથી આવી. બંને પુલની વચ્ચે ભેગી થઈ. બંને એકસાથે પસાર થઈ શકે તેમ ન હતું. પણ બંને બકરીઓ સમજદાર હતી. એક બકરી નીચે બેસી ગઈ અને બીજી બકરી તેના ઉપરથી પસાર થઈ ગઈ.

થોડા સમય બાદ બે કૂતરાઓ પુલના સામસામેના છેડાથી આવ્યા. બંને કૂતરાઓ પુલની વચ્ચે ભેગા થઈ ગયા. પુલ એટલો સાંકડો હતો કે બંને કૂતરાઓ માટે એકસાથે પસાર થવાનું શકય ન હતું. બંને કૂતરાઓ ઝઘડાળુ હતા. બંને કૂતરાઓ એકબીજાની સામે ભસવા લાગ્યા. બંને એકબીજાને પાછા ધકેલવા લાગ્યા. તેમ કરતાં કરતાં બંને કૂતરાઓ ઝરણામાં પડયા અને પાણીના વહેણમાં તણાઈને મરી ગયા.

આ વાર્તા પરથી બોધ મળે છે કે આફતના સમયે આપણે સમજદારીપૂર્વક કામ લેવું જોઈએ.

**મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.**

**મો. 99795 55105**

## વિચાર વિસ્તાર

### પીપળ પાન ખરતાં, હસતી કૂંપળિયાં,
### મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં.

આ પંક્તિઓમાં કવિ કહે છે કે પીપળાનાં પીળાં પાનને ખરતાં જોઈને પીપળાની કૂંપળો હસે છે. તેમને હસતી જોઈને ખરતાં પીળાં પાન કહે છે કે, 'તમે ધીરજ રાખો. આજે અમારી જે દશા થઈ રહી છે તેવી જ દશા કાલે તમારી પણ થવાની છે.'

કેટલાંક યુવકો ઘરડાં, અપંગ અને અશકત લોકોની હાંસી ઉડાવે છે, તેમની મજાક કરે છે, તે બરાબર નથી, કારણ કે એક દિવસ તેમની પણ એવી જ દશા થવાની છે.

આ પંક્તિઓ પરથી બોધ મળે છે કે આપણે કોઈની મજાક, મશ્કરી ન કરીએ કે હાંસી ન ઉડાવીએ. ઘરડાં, અપંગ અને અશકત લોકો પ્રત્યે આપણે દયા અને સહાનુભૂતિ રાખવી જોઈએ.

## વિચાર વિસ્તાર

### આવ નહિ, આદર નહિ, નહિ નયનમાં નેહ;
### તે ઘર કદી ન જઈએ, (ભલે) કંચન વરસે મેહ.

આ પંક્તિઓમાં કવિ કહે છે કે જે ઘેર આપણને આવકાર ન મળે, જે ઘરમાં આપણો આદર–સત્કાર ન થાય અને જે ઘરના લોકોમાં આપણા માટે પ્રેમ ન હોય; તે ઘેર સોનાનો વરસાદ વરસે તોપણ આપણે જવું ન જોઈએ.

આપણને સ્વમાન વહાલું હોવું જોઈએ. સ્વમાનને ખાતર જ ભગવાન શ્રીકૃષ્ણે દુર્યોધનનાં પકવાન ત્યજીને વિદુરને ઘરે ભાજી ખાધી હતી.

સ્વમાનના ભાગે આપણને ગમે તેટલો લાભ થતો હોય, તો તે જતો કરવો જોઈએ. તે જ પ્રમાણે આપણે પણ બીજાનું સંમાન સાચવવું જોઈએ. બીજાને આદર આપવો જોઈએ.

## આપણી રાષ્ટ્રમુદ્રા

ચાર સિંહોની પ્રતિકૃતિ આપણી રાષ્ટ્રમુદ્રા છે.

સારનાથમાં અશોકસ્તંભ આવેલો છે. તેની ટોચ પર ચાર સિંહોની પ્રતિકૃતિ છે. પરંતુ રાષ્ટ્રમુદ્રામાં ત્રણ સિંહ જ દેખાય છે. પાછળનો સિંહ દેખાતો નથી. વચ્ચેના સિંહના પગ નીચે ચક્રની આકૃતિ છે. ચક્રની એક બાજુ ઘોડાની અને બીજી બાજુ આખલાની આકૃતિ છે. રાષ્ટ્રમુદ્રાની નીચે '**सत्यमेव जयते**' વાકય કોતરેલું છે. એનો અર્થ છે : 'સત્યનો જ જય થાય છે.'

આપણા દેશમાં પ્રચલિત ચલણી નોટો, ચલણી સિક્કા, ટપાલનાં પરબીડિયાં, ટપાલટિકિટો વગેરે પર રાષ્ટ્ર–મુદ્રાની છાપ જોવા મળે છે.

રાષ્ટ્રમુદ્રા આપણને અનેક સંદેશા આપે છે. તે આપણને સિંહ જેવા બહાદુર અને બળવાન બનવાનો સંદેશો આપે છે. ચક્ર આપણને ચારે બાજુ ધર્મનું શાસન ફેલાવવાનો તેમજ '**सत्यमेव जयते**' વાકય સત્યનું આચરણ કરવાનો સંદેશો આપે છે.

**મંથલી–વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.**

**મો. 99795 55105**

## પત્રલેખન

**દિવાળીની રજાઓમાં તમે રાજસ્થાનના પ્રવાસમાં જોડાવા ઈચ્છો છો, તેની સંમતિ અને પ્રવાસખર્ચની માંગણી માટેનો પત્ર તમારા પિતાને લખો.**

આનંદ કે. ઉપાધ્યાય
29 / વિદ્યાવિહાર ગુરુકુલ
ભુજ.
પિનકોડ : 370 001
તારીખ : 04 - 10 - 2022

પૂજ્ય પિતાજી,

તમારો પત્ર મળ્યો, હું કુશળ છું.

અમારી શાળાએ દિવાળીની રજાઓમાં રાજસ્થાનના પ્રવાસનું આયોજન કર્યું છે. પ્રવાસમાં ઉદેપુર, શ્રીનાથજી, રાણકપુર, ચિતૌડગઢ, આબુ અને અંબાજીનો સમાવેશ કરવામાં આવ્યો છે. અમારા શિક્ષકો અને આચાર્યશ્રી પણ અમારી સાથે આવવાના છે. અમારો પ્રવાસ લક્ઝરી બસ દ્વારા થશે. પ્રવાસખર્ચની રકમ ₹ 1500 અઠવાડિયામાં શાળામાં જમા કરાવવાની છે.

મારા બધા મિત્રો આ પ્રવાસમાં જોડાવાના છે. મને પણ આ પ્રવાસમાં જવાની ઘણી ઈચ્છા છે. મને આશા છે કે તમે મને શાળાના આ પ્રવાસમાં જવાની સંમતિ આપશો અને પ્રવાસખર્ચ માટે શાળાએ નક્કી કરેલી રકમ ₹ 1500 વળતી ટપાલે મોકલી આપશો.

મમ્મીને મારા પ્રણામ,

તમારા વહાલા પુત્ર
આનંદના પ્રણામ

## સસલું અને કાચબો

**સસલું અને કાચબો – બંને વચ્ચે દોડની હરીફાઈ – સસલાનું અભિમાન – વચ્ચે આરામ કરવો – કાચબાની ધીમી ગતિ – સસલા કરતાં પહેલાં પહોંચી જવું – કાચબાની જીત – સસલાની હાર – બોધ.**

એક જંગલ હતું. એક દિવસ એક સસલું અને એક કાચબો એક ઝાડ નીચે મળી ગયાં. બંને વાતોએ વળગ્યાં.

સસલાને પોતાની દોડવાની ઝડપનું ભારે અભિમાન હતું. તેણે કાચબાને દોડની હરીફાઈ રાખવા જણાવ્યું. કાચબો સંમત થયો.

એક દિવસ, કાચબા અને સસલા વચ્ચે દોડની હરીફાઈ યોજવામાં આવી.

બંનેએ ત્યાંથી દૂર આવેલા એક ઝાડ સુધી દોડવાનું હતું. શિયાળને આ હરીફાઈના નિર્ણાયક તરીકેની કામગીરી સોંપવામાં આવી.

સસલું અને કાચબો દોડવા માટે તૈયાર થઈ ગયાં.

શિયાળે લીલી ઝંડી બતાવી. તરત બંનેએ દોડવાનું શરૂ કર્યું.

સસલું છલાંગો મારતું દોડવા લાગ્યું. કાચબો ધીમે ... ધીમે ... ધીમે ... ચાલવા લાગ્યો. થોડે દૂર ગયા પછી કૂણું ઘાસ આવ્યું. સસલું એ ઘાસ ખાવા લલચાયું. તેણે વિચાર્યું, ''કાચબો હજી ઘણે દૂર છે. તેની ચાલ પણ ધીમી છે. હું ઘાસ ખાઈ, થોડો આરામ કર્યા પછી દોડીશ તોપણ કાચબા કરતાં પહેલાં પહોંચી જઈશ.''

સસલું તો આરામ કરતાં કરતાં ઊંઘી ગયું.

કાચબો ધીમી ચાલે ક્યાંય રોકાયા વગર ચાલતો જ રહ્યો. તે ધીમે ધીમે ચાલીને પણ નક્કી કરેલા ઝાડ પાસે સસલા કરતાં પહેલાં પહોંચી ગયો.

શિયાળે કાચબાને દોડની હરીફાઈમાં જીતેલો જાહેર કર્યો. ત્યાં ભેગાં થયેલાં પ્રાણીઓએ ચિચિયારિયો પાડીને તેને અભિનંદન આપ્યાં.

અવાજ સાંભળીને સસલું સફાળું જાગી ગયું. પણ હવે તે દોડે તોય તેનો શો અર્થ ? તે દોડની હરીફાઈમાં હારી ગયું હતું.

ધીમે ધીમે પણ લગનથી સતત કાર્ય કરતાં રહેવાથી હંમેશાં સફળતા મળે છે.

**મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.**

**મો. 99795 55105**

# ધોરણ: 5 હિન્દી

## डाकिया

डाकिया खाकी रंग की वर्दी पहनता है । उसके कंधे पर खाकी रंग का थैला है । उसमें पोस्टकार्ड, अन्तर्देशीय पत्र, लिफाफे, रजिस्टर्ड पत्र, मनीआर्डर आदि रहते हैं । उसके हाथ में भी पत्रों का बड़ा-सा बंडल रहता है ।

डाकिया डाकघर जाता है । वहाँ से वह अपने हिस्से की डाक लेता है । वह हमेशा समय पर डाक बाँटने जाता है । पत्र पानेवाला व्यक्ति मकान के भूतल पर हो या ऊँची मंजिल पर, वह सबको हाथोंहाथ डाक पहुँचाता है । यह कड़ी धूप, जाड़े अथवा बरसात की भी परवाह नहीं करता । उसका जीवन कठिनाइयों से भरा हुआ है । उसका काम काफी मेहनत का है । पर वह कभी अपने काम से जी नहीं चुराता । अपना काम पूरा करने पर ही वह दम लेता है ।

सचमुच, डाकिया समाज का सच्चा सेवक है । हम हमेशा डाकिये के इन्तजार में रहते हैं । हमें उसका आदर करना चाहिए ।

## पत्रलेखन

### साथ में यात्रा करने के बारे में मित्र को पत्र लिखो ।

18 - ए, राजेन्द्र भवन,<br>
जवाहर मार्ग,<br>
राजकोट - 360 001<br>
दि. 20/06/2017

प्रिय मित्र कुमार,<br>
सप्रेम नमस्कार ।

पन्द्रह दिनों से मैं तुम्हारे पत्र की प्रतीक्षा कर रहा था । आज ही तुम्हारा पत्र मिला । मुझे डर था कि शायद पिताजी बालाराम जाने की इजाजत नहीं देंगे । पर तुम्हें यह जानकर खुशी होगी कि उन्होंने मुझे इजाजत दे दी है । मेरी परीक्षा दि. 27 को समाप्त हो जाएगी । परीक्षा समाप्त होते ही मैं सीधा तुम्हारे यहाँ आ जाऊँगा । वहाँ से हम बालाराम चलेंगे ।

बालाराम सुंदर प्राकृतिक स्थान है । वहाँ नदी, पहाड़, झरने और झाड़ियों की सुंदरता देखनेलायक होती है । वहाँ हमें तुम्हारे साथ घूमने में बहुत मजा आएगा । हम अपने साथ कैमरा जरूर ले चलेंगे ।

बहन रमा की पढ़ाई कैसी चल रही है ? माताजी और पिताजी को सादर प्रणाम । पत्र जल्दी देना ।

तुम्हारा मित्र,<br>
धवल

**મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.**

**મો. 99795 55105**

## मैं सैनिक बनूँगा

मेरे कई मित्र डोक्टर बनना चाहते है और कई इंजिनियर । खैर, पसंद अपनी-अपनी खयाल अपने-अपने । पर मैं तो बनना चाहता हूँ एक अच्छा सैनिक ! जब कभी कोई मेरे देश पर हमला करता है, तो मेरा खून खौल उठता है । उस समय मेरा मन करता है कि मैं देश की सेवा करूँ । मुझे देश के लिए जीना और मरना है । बस यही तमन्ना है ।

मेरे पिताजी भारतीय वायु-सेना में अफसर हैं । वे मुझे सैनिक बनाना चाहते हैं । उनकी इच्छा है कि मैं सैनिक बनकर देश की सेवा करूँ । उनसे प्रेरणा पाकर ही मुझे सैनिक बनने की इच्छा हुई है ।

सैनिक बनने के लिए शरीर मजबूत होना जरूरी है । इसके लिए मैं रोज व्यायामशाला में जाता हूँ । वहाँ कसरत करता हूँ । कुश्ती और लाठी के दाव-पेंच भी सीखता हूँ । 'कराटे' भी सीखता हूँ ।

काश ! मैं एक अच्छा सैनिक बन पाऊँ !

## झूठ का फल

**गड़रिये का लड़का - जंगल में भेड़-बकरियाँ चराने जाना - एक दिन पेड़ पर चढ़कर चिल्लाना - 'बचाओ, बचाओ, शेर आया' - गाँववालों का दौड़कर आना - लड़के से पूछना - 'शेर कहाँ है ?' उत्तर - 'मैं तो यों ही मजाक कर रहा था' - एक दिन सचमुच शेर का आना - लड़के का चिल्लाना - किसी का उस पर विश्वास न करना - शेर का भेड़-बकरियों को मारकर खा जाना - सीख ।**

किसी गाँव में गड़रिये का एक लड़का रहता था । वह रोज भेड़-बकरियाँ चराने जंगल में जाता था । एक दिन उसे गाँववालों से मजाक करने की इच्छा हुई । वह एक पेड़ पर चढ़कर चिल्लाने लगा, ''बचाओ, बचाओ ! शेर आया, शेर आया !''

लड़के की आवाज सुनते ही गाँववाले हथियार लेकर दौड़ पड़े । उन्होंने लड़के के पास पहुँचकर पूछा कि शेर कहाँ है ? जल्दी बता । लड़के ने हँसकर कहा, ''मैंने तो यों ही मजाक किया था ।'' लोगों को लड़के की मूर्खता पर गुस्सा आया । वे उसे डाँट-डपटकर लौट गए ।

एक दिन लड़का भेड़-बकरियाँ चरा रहा था कि सचमुच एक शेर आ गया । लड़के ने पेड़ पर चढ़कर चिल्लाना शुरू किया, ''बचाओ, बचाओ ! शेर आया, शेर आया !'' गाँववालों ने सोचा कि यह लड़का पहले की तरह मजाक कर रहा है । यह सोचकर उसकी मदद के लिए कोई नहीं गया । शेर उसकी भेड़-बकरियों पर टूट पड़ा और उन्हें फाड़कर खा गया ।

**सीख - झूठ नहीं बोलना चाहिए । इससे आदमी मुसीबत में पड़ जाता है ।**

## पंद्रह अगस्त : स्वतंत्रता दिवस

**रूपरेखा** : राष्ट्रीय त्योहार – स्वतंत्रता संग्राम की याद – मनाने का ढंग – महत्त्व – शुभकामना ।

भारत करीब डेढ़ सौ साल तक अंग्रेजो का गुलाम रहा । गुलामी कोई भी पसंद नहीं करता । इसलिए लोकमान्य तिलक ने ब्रिटिश सरकार को ललकारते हुए कहा था, ''स्वतंत्रता हमारा जन्मसिद्ध अधिकार है । हम उसे लेकर रहेंगे ।'' गाँधीजी ने भी अंग्रेजों को चेतावनी देते हुए कहा था, ''अंग्रेजो भारत छोड़ो ।'' भारत की आजादी के लिए कई वर्षो तक आंदोलन चलते रहे ।

आखिर 15 अगस्त, 1947 को भारत आजाद हुआ । हमारे देश में खुशी की लहर फैल गई । लोकमान्य तिलक की प्रतिज्ञा पुरी हुई । गाँधीजी का स्वप्न साकार हुआ । सदियों के बाद भारत को अंग्रेजो की गुलामी से छुटकारा मिला । इसलिए 15 अगस्त को हम 'स्वतंत्रता दिवस' के रूप में मनाते है । यह हमारा राष्ट्रीय त्योहार है । इस त्योहार को मनाकर हम अपने राष्ट्र की स्वतंत्रता की रक्षा के लिए संकल्य करते है । इससे राष्ट्र की एकता और अखंडता को बल मिलता है । 15 अगस्त के दिन हम देश के वीर शहीदों को याद करते हैं । उनके त्याग और बलिदान से हमें देशभक्ति की सीख मिलती है ।

स्वतंत्रता का यह दिन देखने के लिए हजारों भारतवासियों ने सदियों तक संघर्ष किया था । इसके ल्एि न जाने कितने आंदोलन हुए । कितनी बार सत्याग्रह करना पड़ा । कितने क्रांतिकारियों को फाँसी दी गई । भारतमाता के कितने सपूतों ने सारी जिंदगी जेलों में गुजार दी । तब 1947 में हमें आजादी मिली थी ।

15 अगस्त को सार्वजनिक छुट्टी रहती है । इस दिन सुबह से ही उत्साह का वातावरण बना रहता है । जगह-जगह ध्वज-वंदन होता है । सरकारी भवनों पर तिरंगा झंडा फहराया जाता है ।

इस अवसर पर स्कूल-कोलेजों में तरह-तरह के कार्यक्रम रखे जाते हैं । चारों ओर देश -भक्ति के गीत सुनाई देते हैं । आकाशवाणी और दूरदर्शन से राष्ट्रभक्ति के कार्यक्रम प्रसारित किए जाते हैं । भारत की राजधानी दिल्ली में हमारे प्रधानमंत्री लाल किले पर तिरंगा झंडा फहराते है । इस अवसर पर वे राष्ट्र को संबोधित भी करते हैं ।

हमारा स्वतंत्रता दिवस अमर रहे ! भारतमाता की जय !

## चिड़िया-घर की सैर

हमारे शहर का प्राणी-संग्रहालय बहुत प्रसिद्ध है । एक दिन मैं अपने मित्र पराग के साथ प्राणी-संग्रहालय देखने गया ।

प्राणी-संग्रहालय में हमने एक हाथी देखा । महावत के इशारे पर हाथी ने सूँड़ उठाकर हमको नमस्कार किया । इसके बाद हम जंगली प्राणियों का विभाग देखने गए । वहाँ पिंजरे में हमने सिंह का एक जोड़ा देखा । सिंह सोया पड़ा था । पास में सिंहनी बैठी थी । दूसरे पिंजरे में हमने एक बाघ देखा । बाघ इधर-उधर घूम रहा था । उसके बाद एक बड़े पिंजरे में हमने एक चीता देखा ।

हमने हिरन, खरगोश, शुतुरमुर्ग, कंगारू और तरह-तरह के बंदर देखे । इसके बाद हमने पक्षियों का विभाग भी देखा । वहाँ हमने बाज, गरूड़, उल्लू जैसे कई हिंसक पक्षी देखे । हमने रंग-बिरंगे तोते भी देखे । मछली-विभाग में कई तरह की मछलियाँ देखकर हमें बहुत आश्चर्य हुआ । दूसरे विभाग में अजगर और कई तरह के साँप थे । वहाँ लोगों की बड़ी भीड़ थी ।

प्राणी-संग्रहालय को देखकर बहुत मजा आया । सचमुच, दुनिया में कैसे-कैसे अजीब प्राणी होते हैं !

## पत्रलेखन

**पंद्रह दिनों की छुट्टियों की अनुमति के लिए गुरूजी को पत्र लिखो ।**

37, गौरी मंगल,
गाँवदेवी रोड,
मुंबई - 400 007
दि. - 15/10/2017

आदरणीय गुरूजी,
सादर प्रणाम ।

**विषय : छुट्टी प्राप्त करने हेतु ।**

सेवा में, सविनय निवेदन है कि मुझे पहले मलेरिया और उसके तीन दिन बाद पीलिया हो गया है । मेरी तबियत बहुत खराब है । डोक्टर ने मुझे पंद्रह दिन तक आराम करने और दवाई लेने के लिए कहा है । इसलिए पंद्रह दिन तक मैं पाठशाला नहीं आ सकूँगा ।

आपसे प्रार्थना है कि मुझे दिनांक 16 अकटूबर 2017 से 30 अकटूबर, 2017 तक की पंद्रह दिनों की छुट्टी देने की कृपा करें । मैं आपको विश्वास दिलाता हूँ कि इस अनुपस्थिति से अध्ययन में जो क्षति होगी, उसे अतिरिक्त अध्ययन कर मैं पूरी कर लूँगा । कष्ट के लिए क्षमा । धन्यवाद ।

आपका आज्ञाकारी शिष्य,
विजय जाड़ेजा

**મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.**

**મો. 99795 55105**

# घमंडी का सिर नीचा

**खरगोश और कछुआ – दोनों में दौड़ की शर्त लगना – खरगोश का आगे हो जाना – पेड़ के नीचे आराम करना – कछुए की धीमी गति – जीत जाना – खरगोश की हार – सीख ।**

एक जंगल था । उसमें एक खरगोश रहता था । उसे अपनी तेज चाल पर खूब घमंड था । उसी जंगल में एक कछुआ रहता था । खरगोश उसकी धीमी चाल पर हँसता था । एक बार उसने कछुए के साथ दौड़ने की शर्त लगाई ।

दौड़ शुरू हुई । खरगोश ने कछुए को जल्दी ही पीछे छोड़ दिया । आगे जाकर उसने देखा कि कछुआ बहुत पीछे है । उसने सोचा – क्यों न थोड़ा आराम कर लूँ ? वह एक पेड़ के नीचे आराम करने बैठा । थोड़ी ही देर में उसे झपकी आ गई और वह सो गया ।

कछुआ धीरे-धीरे चलता रहा । वह खरगोश को सोया हुआ देखकर चुपचाप आगे निकल गया । खरगोश ने जागकर देखा कि कछुआ लक्ष्य पर पहुँच गया है । इस प्रकार कछुआ दौड़ में जीत गया और खरगोश हार गया ।

**सीख – घमंड का परिणाम बुरा होता है ।**

મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.
મો. 99795 55105

# ધોરણ: 5 અંગ્રેજી

## MY FRIEND

I have a friend. His name is Amit. Amit is eleven years old. He is in my class. He lives near my house. Amit is a tall and strong boy. He is a clever boy. He always stands first in the class. He is kind and helpful. He is honest and polite, too. We play together. We also study together. We help each other with our homework and other activities. Sometimes, we spend our holidays together. We go to a garden or a library. We also go for picnics with our families. I like Amit very much. He is my best friend.

## MY SCHOOL

The name of my school is Saraswati Vidyamandir. It is a very big school. It has three floors. There are fifteen classrooms on each floor. All the classrooms are big and airy. There are offices and staffroom on the ground floor. We have a big library and a laboratory in our school. There is a big assembly hall, too. Every morning, we gather for prayers in the assembly hall. My school has a big playground and a lovely garden, too. There are many trees and plants on the playground. There are swings and slides, too. We enjoy playing there. My school is very clean and beautiful. I love my school.

## A PICNIC

Last Saturday, we went for a class picnic. We went to Nareshwar, a beautiful spot near our town. We went along with our teachers and a few peons. We reached there in our school bus. We had a lot of fun on the way. We danced and sang songs in the bus. We reached there in an hour. Nareshwar is a beautiful place near the river. There is an old temple of Lord Shiva. There is a beautiful garden and a forest near the temple. We visited the temple. Then we had some snacks. We then went for a walk in the forest. We saw many beautiful birds and animals. After lunch, we played many games. We also played in the garden. We had a lot of fun. We returned home in the evening.

મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.

મો. 99795 55105

## A GARDEN

There is a beautiful garden near my house. I go to play in the garden every day. There are many big trees and plants in the garden. There are roses, marigolds and sunflowers, too. The ground is covered with green grass. We can see many birds and butterflies in the garden. There is a small pond in the garden. There are fishes and ducks in the pond. There are many benches in the garden. There are swings, slides, and a merry-go-round, too. Children enjoy playing in the garden. In the evening, there is a balloonman and an ice-cream man in the garden.

## TREES

We see many trees around us. Trees are very useful to us. They give us fresh air to breathe and food to eat. They give us wood for furniture, houses and fuel. Trees give us shade from the sun and rain. Birds build their nests in trees. Many animals eat leaves of trees. Trees make our surroundings beautiful. They keep the air fresh. They reduce pollution. Trees help to bring rain. They protect the soil. Trees are very important in our life. Therefore, we should not cut trees. We should plant more trees. If we save trees, trees will save us.

## MY FAMILY

My name is Nisha. There are six members in my family. My father's name is Girishbhai. He works in bank. My mother's name is Geetaben. She is a teacher. I have a younger brother. His name is Raj. He is ten years old. We live with our grandparents. My grandfather's name is Manubhai. My grandmother's name is Shantaben. My grandparents love us all a lot. When our parents are not at home, our grandparents look after us. We all have breakfast and dinner together. In the evening, we sit together and watch TV. On holidays, sometimes we go out for a picnic. We are a happy family. I love my family.

મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.
મો. 99795 55105

## MY SISTER

My sister's name is Siya. She is eight years old. She is a very cute girl. She has lovely brown eyes. Her hair is long and curly. She has chubby cheeks. Siya is always cheerful. She is the pet of our family. Siya likes to read books. She enjoys drawing and colouring pictures. Siya likes to help mother with all her work. She also helps father to water the plants in our garden. Siya loves to spend time with me. We study together and play together. Both of us enjoy watching TV and playing in the garden. I love my sister.

મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.
મો. 99795 55105

# ધોરણ: 6 ગુજરાતી

## રેલવે સ્ટેશનની મુલાકાતે

હું મારા પપ્પાની સાથે ગઈ કાલે મારાં માસીને વિદાય આપવા રેલવે સ્ટેશને ગયો હતો. રેલવે સ્ટેશનની બહાર વાહનોની ભીડ હતી. સ્ટેશનના ટાવરનું ઘડિયાળ સવારના આઠનો સમય બતાવતું હતું. સ્ટેશન પર પૂછપરછની બારી અને ટિકિટબારીઓ હતી. અહીં મુસાફરોની કતારો લાગી હતી. દીવાલ પર અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષાઓમાં લખાયેલાં સમયપત્રક હતાં. રેલવે સ્ટેશન પર પ્રતીક્ષાખંડ, વજનકાંટો, કચરાપેટીઓ તથા બાંકડાઓ હતા.

અમે માસીની ટિકિટ અને અમારા માટે પ્લેટફોર્મ ટિકિટ ખરીદી. ગાડી આવવાની વાર હતી. તેથી અમે પ્લેટફોર્મ પર લટાર મારી. પ્લેટફોર્મ પર ઠેરઠેર બાંકડા, ચા–નાસ્તાના સ્ટોલ, છાપાં અને સામયિકોના સ્ટોલ, પાણીના નળ વગેરે હતાં. થોડા અંતરે રેલવેની મોટી ઘડિયાળો સમય બતાવતી હતી. કેટલાક મુસાફરો ચા પીતા હતા અને કેટલાક નાસ્તો કરતા હતા. કેટલાક છાપાં કે મેગેઝિન વાંચતા હતા. લાલ પાઘડી અને લાલ શર્ટ પહેરેલા કુલીઓ સામાન લાવતા–લઈ જતા હતા.

ટ્રેન આવી રહી છે તેવી જાહેરાત થતાં જ મુસાફરો સામાન સાથે સાવધ થઈ ગયા. એક ટ્રેન ધસમસતી આવી અને સડસડાટ ચાલી ગઈ. તેના અવાજ અને ગતિથી હું ચમકી ગયો. એવામાં બીજી ટ્રેન આવી. તેની ગતિ ધીમી પડી અને તે ઊભી રહી. તે સાથે જ કોલાહલ અને ધક્કામુક્કી શરૂ થઈ ગયાં. ઊતરનાર મુસાફરો નિરાંતે ઊતરી શકતા ન હતા અને ચડનાર મુસાફરો નિરાંતે ડબ્બામાં ચડી શકતા ન હતા. એમાં વળી ફેરિયાઓ ઘાંટા પાડી આમતેમ દોડતા હતા. અમે મારાં માસીને પરાણે ડબ્બામાં ચડાવ્યાં અને સામાન આપ્યો. ગાડી ઉપડી અને થોડી વારમાં બધું શાંત પડી ગયું

અમે ઘેર આવ્યા. અમને લાગ્યું કે સરકાર સગવડો વધારે છે પણ મુસાફરો શિસ્ત જાળવતા નથી.

## ઘરડાં ગાડાં વાળે

**એક નાનકડું ગામ – યુવાનો ખૂબ ભણેલા – વૃદ્ધો વ્યવહારકુશળ – ગામમાં તહેવારોની ઊજવણી સંપથી – જાનમાં વૃદ્ધોને ન લઈ જવાનો નિર્ણય – એક જાનમાં માત્ર યુવાનો – કન્યાપક્ષના વડીલોની શરત – જવાબ આપો તો જ કન્યા પરણાવીએ – 'ગામનું તળાવ ઘીથી ભરી આપો' – યુવાનોની ચિંતા – સંતાઈને જાનમાં આવેલા વૃદ્ધનો જવાબ – 'પહેલાં તળાવ ખાલી તો કરી આપો' – કન્યાપક્ષે કહેવડાવ્યું, જાનમાં એક વૃદ્ધ જરૂર આવ્યા હશે.**

એક નાનકડું ગામ હતું. તે ગામના યુવાનો ખૂબ ભણેલા હતા અને વૃદ્ધો વ્યવહારકુશળ હતા. ગામનો નાનો –મોટો પ્રસંગ સૌ સાથે મળીને કરતા. તહેવારોની ઊજવણી બધા સાથે મળીને સંપથી કરતા.

એક વાર ભણેલા યુવાનોને પોતાની વિદ્યાનું ઘમંડ થયું. તેઓએ વૃદ્ધોને જાનમાં ન લઈ જવાનો નિર્ણય કર્યો.

એક જાનમાં માત્ર યુવાનો જ ગયા. કન્યાપક્ષના વડીલોને તેની જાણ થઈ. તેઓએ જાનમાં આવેલા યુવાનોનું ઘમંડ ઉતારવાનો નિર્ણય કર્યો. તેઓએ જાનૈયાઓને જણાવ્યું, "ગામનું તળાવ ઘીથી ભરી આપો તો જ અમે કન્યા પરણાવીએ."

યુવાનો વિચારમાં પડી ગયા. ગામનું તળાવ ઘીથી ભરાય એટલું ઘી લાવવું કયાંથી ? યુવાનોને ચિંતા કરતા જોઈ સંતાઈને જાનમાં આવેલા વૃદ્ધે યુવાનોને જણાવ્યું, "પહેલાં કન્યાપક્ષના વડીલોને તળાવ ખાલી કરી આપવાનું કહો."

યુવાનોએ કન્યાપક્ષના વડીલોને જણાવ્યું, "પહેલા તળાવ ખાલી તો કરી આપો. પછી અમે તળાવ ઘીથી ભરી દઈશુ." જાનૈયાઓનો જવાબ સાંભળી કન્યાપક્ષના વડીલોને સમજાઈ ગયું કે જાનમાં એક વૃદ્ધ જરૂર આવ્યા હશે.

આ વાર્તા પરથી બોધ મળે છે કે આપણે વડીલોનો અનાદર કરવો જોઈએ નહિ. તેમના અનુભવ અને તેમના ડહાપણનો લાભ લેવો જોઈએ.

## પત્રલેખન

**તમારા અક્ષર સુધારવા તમે કેવા પ્રયત્નો કરો છો તે દર્શાવતો પત્ર તમારા પિતાજીને લખો.**

આલોક ડી. દોશી
25, નંદ બંગલોઝ,
મેમનગર, અમદાવાદ,
પિનકોડ : 380 052
તા. 29/05/2017

પૂજય પિતાજી,

તમારો પત્ર મળ્યો. તમે નવું સ્કૂટર લાવ્યા તે જાણીને મને ખૂબ જ આનંદ થયો. તમે એક વખત મને મારા ગરબડિયા અક્ષર સુધારવાની ટકોર કરી હતી. ત્યારથી મેં મારા અક્ષર સુધારવાના પ્રયત્ન શરૂ કરી દીધા છે.

હવે હું ખૂબ ચોકસાઈથી લખું છું. ડબલ લાઇનની નોટમાં હું નિયમિત રીતે પંદર–વીસ લીટી જેટલું અનુલેખન કરું છું. હવે મારા અક્ષર થોડા સુધર્યા છે અને મરોડદાર થયા છે. હવે મને મારા અક્ષર જોવા ગમે છે. મારાં ગુજરાતીનાં બહેને પણ મને મારા અક્ષર સુધારવા બદલ શાબાશી આપી છે. મને અક્ષરલેખનની હરીફાઈમાં બીજું સ્થાન મળ્યું છે. હજુ અક્ષરો વધુ સુધરે તે માટે મારા પ્રયત્નો ચાલુ રાખીશ. તમને પણ આ પત્રમાં મારા સુધારેલા અક્ષરો કેવા લાગ્યા તે જણાવશો.

મમ્મીને મારા પ્રણામ,

તમારા પુત્ર
આલોકના પ્રણામ

## રવિશંકર મહારાજ

રવિશંકર મહારાજનો જન્મ ઈ. સ. 1884 ના ફેબ્રુઆરીની 25મી તારીખે એમના મોસાળ ખેડા જિલ્લાના રઢુ ગામમાં થયો હતો. એમના પિતા પ્રાથમિક શાળામાં શિક્ષક હતા. એમના માતા ભણેલા ન હતા.

બાળપણથી જ રવિશંકર મહારાજ ખૂબ મહેનતુ હતા. તેઓ કામ કરવામાં તેમને જરાય આળસ નકરતા. તેઓ ખેતીનું બધું કામ ઉમંગથી કરતા. મહોલ્લામાં કોઈ પડોશીને કાગળ લખવો હોય તો તે હોંશે હોંશે લખી આપતા અને ટપાલ–પેટીમાં નાખી આવતા. તેઓ તેમની માતાને રામાયણ અને મહાભારત વાંચી સંભળાવતા. તેઓ કુશળ તરવૈયા પણ હતા. એક વાર તેમણે વાત્રક નદીના પૂરમાં તણાતા ત્રણ યુવાનોને બચાવ્યા હતા.

**મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.**

**મો. 99795 55105**

મોટા થતાં રવિશંકર મહારાજ ગાંધીજીના રંગે રંગાયા. રવિશંકર મહારાજે પોતાનું જીવન દેશસેવા અને લોકસેવાના કાર્યોમાં અર્પણ કરી દીધું હતું. તેમને અભણ લોકોને અક્ષરજ્ઞાન આપવાનું કાર્ય કર્યું. તેમણે બહાર–વટિયાઓને સુધારવાનું કામ કર્યું. ગુજરાતમાં કે દેશના કોઈ પણ ભાગમાં દુષ્કાળ હોય, નદીઓમાં પૂર આવ્યાં હોય, રોગચાળો ફાટી નીકળ્યો હોય કે કોમી રમખાણ થયું હોય ત્યારે રવિશંકર મહારાજ લોકોની મદદે અચૂક દોડી જતા.

રવિશંકર મહારાજ સાદું જીવન જીવતા. તેઓ ઓછામાં ઓછી વસ્તુઓથી ચલાવતા. ટૂંકું ધોતિયું, કેડિયું અને ટોપી એ એમનો પહેરવેશ. ખભે લટકતી થેલીમાં તેઓ બે જોડ કપડાં રાખતા. મોટે ભાગે પગે ચાલીને તેઓ ગામેગામ ફરતા અને લોકસેવાનાં કામ કરતા.

રવિશંકર મહારાજ પોતાનાં કાર્યોની કદી જાહેરાત કરતા નહિ. આથી તેઓ 'મૂકસેવક' કહેવાયા. તેઓ જે કામ હાથમાં લેતા, તેને ખંતથી પૂરું કરતા. ગુજરાત તેમને 'પૂજય દાદા'ના વહાલસોયા નામથી ઓળખે છે.

તેમણે સો વર્ષનું લાંબું આયુષ્ય ભોગવ્યું હતું.

## વિચાર–વિસ્તાર

**ઊગે કમળ પંકમાં, તદપિ દેવ–શિરે ચડે;**
**નહિ કુળથી કિન્તુ મૂલ્ય મૂલવાય ગુણો વડે.**

આ પંકિતઓમાં કવિ કહે છે કે કમળ કાદવમાં ઊગતું હોવા છતાં તે દેવના શિરે ચડે છે. તેને દેવને શિરે બેસવાનું સદ્ભાગ્ય તેના કુળને લીધે નહિ, પણ તેના ગુણને લીધે મળે છે.

મનગમતા કુળમાં જન્મ ધારણ કરવો એ માણસના હાથની વાત નથી. એટલે માણસનું મૂલ્ય તેના ગુણો વડે જ થાય છે; તેના કુળ વડે નહિ. માણસ પોતાની હોશિયારીથી, મહેનતથી, ખંતથી, સત્યનિષ્ઠાથી અને વિવેકથી આગળ વધી શકે છે. ડો. આંબેડકર દલિત કુળમાં જન્મ ધારણ કર્યો હોવા છતાં તે પોતાની હોશિયારી અને મહેનતથી આપણા દેશના બંધારણના ઘડવૈયા બની શકયા.

આપણે પણ કોઈનું કુળ ન જોતાં તેનામાં રહેલાં ગુણો જોવા જોઈએ. આપણે પણ સત્ય, પ્રામાણિકતા, મહેનત, હોશિયારી અને વિવેક જેવા ગુણો આપણામાં વિકસાવવા જોઈએ.

## મારા બાળપણનો એક યાદગાર પ્રસંગ

બાળપણમાં ઘણા પ્રસંગો બનતા હોય છે. તેમાંથી કેટલાંક પ્રસંગો કાયમ માટે યાદ રહી જાય છે. મારા બાળપણનો એવો જ એક યાદગાર પ્રસંગ છે.

દિવાળીની રજાઓ હતી. અમે કેટલાક મિત્રો ગામના પાદરે આવેલા વડ નીચે ગિલ્લીદંડા રમતા હતા. વડની પાસે જ એક તળાવ હતું. કેટલાંક બાળકો એમાં નાહી રહ્યાં હતાં. અમે રમવામાં મશગૂલ હતા. તે વખતે મોટેથી બૂમ પડી, "બચાવો, બચાવો."

અમે રમવાનું પડતું મૂકીને દોડતા તળાવની પાળે પહોંચી ગયા. અમે જોયું તો એક બાળક ડૂબી રહ્યું હતું. બીજાં બાળકો રડારોળ કરી રહ્યાં હતાં. હવે વિચાર કરવાનો વખત જ ન હતો. અમારામાંથી મને અને મારા એક મિત્રને તરતાં આવડતું હતું. અમે બંને જરાય વિલંબ કર્યા વગર તળાવમાં કૂદી પડયા અને તેની પાસે પહોંચી ગયા. તેને અમે મહામુસીબતે તળાવના કિનારે ખેંચી લાવ્યા. તે થોડુંક પાણી પી ગયો હતો અને બેભાન થઈ ગયો હતો.

ગામમાં પણ આ વાત પહોંચી ગઈ હતી. એટલે કેટલાક ગામલોકો તળાવ પર દોડી આવ્યા. અમે તે બાળકને ઊંધો સુવડાવી દીધો પછી અમે તેના પેટમાંથી પાણી કાઢવાના ઉપાયો કરવા લાગ્યા. તેના મોંમાંથી ઘણું પાણી નીકળ્યું. તેની મમ્મી તથા બીજા લોકોએ તેના શરીરને લૂછીને સૂંઠ ઘસવા માંડી. થોડા સમય પછી તેણે આંખો ખોલી. પછી તે ધીમે ધીમે આજુબાજુ જોવા લાગ્યો. તેને કળ વળી ત્યારે તે ઊભો થયો. તેની મમ્મી વહાલથી તેને વળગી પડી. એટલી વારમાં તેના પપ્પાય આવી ગયા. તેના માતા–પિતાએ અમારો ખૂબ આભાર માન્યો.

અમને સારું કામ કર્યાનો આનંદ અને સંતોષ હતો. હું આ પ્રસંગને આજ સુધી ભૂલ્યો નથી.

## પત્રલેખન

**દિવાળીની રજાઓ તમે કેવી રીતે પસાર કરવાના છો તે જણાવતો પત્ર તમારા મિત્રને/બહેનપણીને લખો.**

ધારા પી. ચૌહાણ,
77/ શ્રીજી નગર,
લુણાવાડા,
પિનકોડ : 389 230
તા. 18/9/2017

પ્રિય પાયલ,

તારો પત્ર મળ્યો. રજાઓમાં તું મહારાષ્ટ્રના પ્રવાસે જવાની છે તે જાણીને આનંદ થયો.

અમારી દિવાળીની રજાઓ પહેલી નવેમ્બરથી શરૂ થવાની છે. આ વખતે અમે કયાંય ફરવાં જવાનાં નથી. હું મમ્મીને દિવાળીના કામમાં મદદ કરવાની છું. મેં દરરોજ સવારે પપ્પા સાથે ચાલવા જવાનું નક્કી કર્યું છે. હું સવારે બે કલાક 'ઇંગ્લિશ સ્પીકિંગ'ના વર્ગમાં અંગ્રેજી શીખવા પણ જવાની છું. આ વખતે મારે પ્રથમ કસોટીમાં સામાજિક વિજ્ઞાનમાં ઓછા ગુણ આવ્યા છે, તેથી પપ્પા મને દરરોજ એક કલાક આ વિષય શીખવવાના છે. આ વખતે ગામડેથી મારા દાદા પણ અહીં રહેવા આવવાના છે. એટલે મને એમની સાથે વાતો કરવાની ખૂબ મજા આવશે. વળી નિશાળનું ઘરકામ તો ખરું જ.

તું મને તારા પ્રવાસનું વર્ણન કરતો પત્ર જરૂર લખજે. હું તારા પત્રની રાહ જોઈશ.

તારાં માતા–પિતાને મારા પ્રણામ,

તારી બહેનપણી
ધારા

## શેઠની યુક્તિ

એક વેપારી – સોનાનાં ઘરેણાની ચોરી – બધા નોકરોને બોલાવવા – એક નોકર પર શંકા – યુક્તિ – દરેક નોકરને સરખીલંબાઈની લાકડી આપવી – 'ચોરની લાકડીની લંબાઈ પાચં સેમી વધી જશે' તેમ જણાવવું – બીજા દિવસે એક લાકડી ટૂંકી માલૂમ પડવી – ચોર પકડાઈ જવો – બોધ

એક શેઠ હતા. તેમની કાપડની એક મોટી દુકાન હતી. તેમણે દુકાનમાં અને ઘરે કેટલાક નોકરો રાખ્યા હતા. એક દિવસ શેઠના ઘરમાં ચોરી થઈ. શેઠાણીનાં સોનાનાં ઘરેણાં ચોરાઈ ગયાં. શેઠ વિચારમાં પડી ગયા. તેમણે બધા નોકરોને બોલાવી ઘરેણાંની ચોરીની વાત કરી. તેમણે એક પછી એક બધા નોકરોની પૂછપરછ કરી. પણ કોઈ નોકરે તેમને કઈ માહિતી આપી નહિ.

શેઠને એક નોકર પર વહેમ હતો.

શેઠે એક યુક્તિ કરી. તેમણે બધા નોકરોને સરખી લંબાઈની લાકડીઓ આપી અને કહ્યું : "તમારામાંથી જેણે ઘરેણાંની ચોરી કરી હશે તેની લાકડી આવતી કાલે પાંચ સેમી જેટલી વધી જશે." બધા નોકરો લાકડી લઈને જતા રહ્યા.

જે નોકરે ઘરેણાની ચોરી કરી હતી તે ગભરાયો. તેણે વિચાર્યું કે ચોક્કસ તેની લાકડી પાંચ સેમી જેટલી વધી જશે; તેથી ગભરાટમાં ને ગભરાટીમાં તેણે અગાઉથી જ તે લાકડી પાંચ સેમી જેટલી કાપી નાખી.

બીજે દિવસે શેઠે બધા નોકરોને એક પછી એક બોલાવ્યા અને દરેકની લાકડી તપાસી. તેમને એક લાકડી પાંચ સેમી ટૂંકી માલૂમ પડી. શેઠે તે નોકરને ધમકાવ્યો. નોકરે ઘરેણાંની ચોરીની કબૂલાત કરી. તેણે શેઠને ઘરેણાં પાછાં આપી દીધાં.

શેઠે તે નોકરને કાઢી મૂક્યો. શેઠની યુક્તિ સફળ થઈ.

આ વાર્તા પરથી બોધ મળે છે કે જે કામ કળથી થાય તે કામ બળથી ન થાય. અથવા ખોટું કામ ગમે તેટલું છુપાવો પણ છુપાવી શકાતું નથી.

## દિવાળી

**દિવાળી આવી દિવાળી આવી,**
**નવા વરસની વધાઈ લાવી.**

દિવાળી એટલે સાફસફાઈ, આનંદઉલ્લાસ, ફટાકડા અને પ્રકાશનો તહેવાર.

આસો મહિનાની શરૂઆતથી જ લોકો દિવાળીના તૈયારીઓ કરવા માંડે છે. લોકો ઘરની સફાઈ કરે, દીવાલો અને બારીબારણાને રંગરોગાન કરાવે છે. લોકો કપડાં, ફટાકડા, મીઠાઈઓ અને સુશોભનની વસ્તુઓની ખરીદી કરે છે. બજારમાં દુકાનો રોશનીથી ઝળહળી ઊઠે છે.

દિવાળીનો તહેવાર પાંચ દિવસ ચાલે છે : ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ. ધન–તેરસના દિવસે લક્ષ્મીપૂજન કરવામાં આવે છે. કાળીચૌદસના દિવસે કાલિકામાતાનું પૂજન થાય છે. દિવાળીના દિવસે વેપારીઓ ચોપડાપૂજન કરે છે. બેસતા વર્ષના દિવસે લોકો દેવમંદિરે દર્શન કરવા જાય છે. પોતાનાં સગાંવહાલાં અને મિત્રોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે. ભાઈબીજના દિવસે ભાઈ બહેનને ઘેર જાય છે. બહેન ભાઈને પ્રેમથી જમાડે અને ભાઈ બહેનને ભેટ આપે છે.

દિવાળીના દિવસોમાં બાળકો બહુ ખુશખુશાલ હોય છે. તેઓ ફટાકડા ફોડીને અને નવાં કપડાં પહેરીને આનંદ માણે છે. લોકો દીવાઓ અને વીજળીનાં તોરણોથી ઘર શણગારે છે. બહેનો આંગણામાં રંગોળી અને સાથિયા પૂરે છે.

દિવાળીમાં જેમ ઘરની સફાઈ થાય છે તેમ આપણે આપણા મનની સફાઈ પણ કરવી જોઈએ. કોઈની સાથે મનદુઃખ થયું હોય તો આપણે તે ભૂલી જઈએ. 'માફ કરો અને ભૂલી જાઓ'ની ભાવના વિકસાવવાનો અને અંતરના અંધકારને દૂર કરવાનો આ તહેવાર છે.

દિવાળી સૌને બહુ આનંદ આપે છે. તેથી તે 'તહેવારોનો રાજા' છે.

## વિચાર વિસ્તાર

**બહુજન મળીને જે કરે, તે એકે નવ થાય;**
**સાવરણી ઘર સાફ કરે, સળી એકે શું થાય ?**

આ પંક્તિઓમાં કવિ કહે છે કે જે કામ બધાં માણસો ભેગાં મળીને કરે છે તે કામ કોઈ એક માણસથી થઈ શકતું નથી. ઘણી સળીઓ ભેગી થવાથી સાવરણી બને છે અને તેનાથી ઘર સાફ થાય છે. એક સળીથી ઘર સાફ થઈ શકતું નથી.

'ઝાઝા હાથ રળિયામણા', 'ઝાઝી કીડીઓ સાપને તાણે.'

કોઈ મોટું કામ અનેક માણસો ભેગાં થઈને કરે તો તે સહેલાઈથી થઈ શકે છે. અનેક માણસો ભેગાં થતાં કામ કરવાનો ઉત્સાહ વધે છે. એકબીજાની સૂઝબૂઝનો લાભ મળે છે. તેથી કામ ઝડપથી અને સારું થાય છે. રસ્તા બનાવવાના હોય અથવા લાગણી કે વાવણી કરવાની હોય ત્યારે તો ઝાઝા માણસોની ખાસ જરૂર પડે છે.

આપણે સૌ સાથે મળીને કામ કરીએ અને કામને દીપાવીએ.

# ધોરણ: 6 હિન્દી

## बरसात का पहला दिन

जून महीने का पहला सप्ताह था । खूब गरमी पड़ रही थी । सभी लोग कह रहे थे –'अब बरसात आए तो अच्छा !' और इसके कुछ दिन बाद ही हमें आकाश में बादल नजर आने लगे ।

एक दिन मैं अपने मित्रों के साथ पाठशाला जा रहा था । देखते ही देखते आकाश में बादल छा गए । बिजली कड़कने लगी और जोरदार बरसात शुरू हो गई । चारों और पानी ही पानी फैल गया । हम लोग पूरी तरह से भीग गए । पर हमारी खुशी का ठिकाना न था । पाठशाला पहुँचे तो देखा कि सब बच्चों की हालत हमारे जैसी ही थी ।

उस दिन पाठशाला में छुट्टी हो गई । हम सब खुशी के मारे नाच उठे । बरसात होती रही और हम लोग भीगते हुए, हँसते-खेलते घर लौट आए । घर पहुँचकर हमने कपड़े बदले ।

सूर्यास्त के समय आकाश में इन्द्रधनुष दिखाई दिया । महीनों की भीषण गर्मी के बाद आज हवा में ठंडक थी । चारों और धरती से सोंधी गंध आ रही थी ।

सचमुच, बरसात का पहला दिन बड़े आनंद का होता है ।

## बंदर की चतुराई

**एक बंदर – नदीकिनारे पेड़ पर रहना – फल खाना – मगर का नदीकिनारे आना – बंदर से दोस्ती – बंदर का मगर को फल देना – मगर का बंदर को अपने घर चलने का आग्रह – बंदर को अपनी पीठ पर बिठाना – नदी के बीच पहुँचकर कलेजा माँगना – ''अपना कलेजा तो मैं पेड़ पर ही रख आया'' – वापस नदीकिनारे पहुँचना – बंदर का पेड़ पर चढ़ जाना – सीख ।**

एक बंदर था । वह नदी के किनारे एक पेड़ पर रहता था । पेड़ पर मीठे-मीठे फल थे । बंदर फल खाता और खुश रहता था ।

एक दिन एक मगर नदी के किनारे आया । उसने बंदर से दोस्ती कर ली । बंदर ने उसे खाने के लिए फल दिए । मगर ने कहा, ''मित्र, अब तुम भी मेरे घर चलो । वहाँ मैं तुम्हें बढ़िया-बढ़िया चीजें खिलाऊँगा ।'' बंदर मगर की बातों में आ गया । वह मगर की पीठ पर बैठ गया ।

नदी के बीच पहुँचकर मगर बोला, ''मैं तो तुम्हारा कलेजा खाऊँगा ।''

बंदर ने बुद्धि से काम लिया । उसने कहा, ''अरे, अपना कलेजा तो मैं पेड़ पर ही रख आया हूँ । मुझे वहाँ ले चलो । मैं तुम्हें अपना कलेजा दे दूँगा ।''

मूर्ख मगर बंदर को नदी के किनारे पेड़ के पास लाया । बंदर मगर की पीठ पर से उछलकर पेड़ पर जा बैठा और बोला, ''मूर्ख, कलेजा कहीं पेड़ पर रखा जाता है ? वह तो हमारे शरीर में ही होता है । ईश्वर की कृपा से मैं तेरे जाल में फँसने से बच गया ।''

इस तरह बंदर ने चतुराई से अपनी जान बचाई ।

**सीख : संकट में हमें बुद्धि से काम लेना चाहिए ।**

## बस स्टैंड पर आधा घंटा

**यातायात में बस का महत्त्व – बस के लिए कतार में खड़े रहना – बस की प्रतीक्षा में खड़े यात्रियों की मनोदशा – बसों का आना-जाना – इच्छित बस मिलना ।**

यातायात के आधुनिक साधनों में बस का बहुत महत्त्व है । शहरों मे तो आने-जाने का मुख्य साधन बस ही है । इसीलिए बसों में यात्रियों की बहुत भीड़ होती है । कभी-कभी तो इच्छित बस मिलने में आधा-एक घंटा भी लग जाता है ।

कल मुझे अपने एक मित्र के घर जाना था । मैं बस स्टैंड पर कतार में खड़ा हो गया । मुझे १२२ नंबर की बस पकड़नी थी । उस स्टैंड पर कई दुसरी बसें भी आती थीं ।

काफी देर हो गई, पर बस नहीं आई । मैं बड़ी उत्सुकता से कतार में खड़े लोगों के हावभाव देख रहा था । कतार में बूढ़े, जवान, बच्चे, स्त्रियाँ सभी प्रकार के लोग थे । स्त्रियाँ महँगाई की बातें कर रही थीं । एक यात्री खड़ा-खड़ा सामयिक पढ़ रहा था । दो वृद्ध व्यक्ति एक-दूसरे के हालचाल पूछ रहे थे । कालेज में पढ़नेवाले दो छात्र हँसी-मजाक में व्यस्त थे । मेरे पीछे खड़ा बच्चा अपनी माँ से खिलौना खरीदने की जिद कर रहा था । माँ बच्चे को डाँट रही थी । एक भिखारी हाथ में कटोरी लिये भीख माँग रहा था ।

इस बीच कई बसें आते रहीं । बस आते ही यात्री बस पकड़ने दौड़ पड़ते । इसमे बार-बार कतार टूट जाती थी । कभी-कभी धक्कामुक्की भी हो जाती थी । कुछ लोग काफी इंतजार करने पर भी बस न मिलने पर टैक्सी में बैठकर चले गए । क्या करते बेचारे, बस के भरोसे कब तक खड़े रहते ?

तभी १२२ नंबर की बस आ गई । यात्री भागकर उसमें चढ़ने लगे । एक बुढ़िया बस में ठीक से चढ़ भी न पाई थी कि कंडक्टर ने घंटी बजा दी । बुढ़िया जैसे-तैसे बस में चढ़ तो गई, पर कंडक्टर पर खूब बरसी । आखिरकार कंडक्टर को बुढ़िया से माफी माँगनी पड़ी । तब कहीं जाकर बुढ़िया का गुस्सा शांत हुआ । बस भले देर से आई, पर उसमें भीड़ नहीं थी । मैं आराम से अंदर जाकर बैठ गया ।

सचमुच, बस के इंतजार में बस स्टैंड पर आधा घंटा बिताना एक बहुत ही रोचक अनुभव है ।

## पत्र लेखन

### शहर के बारे में अपने गाँव के मित्र को पत्र लिखो ।

37, गौरी मंगल,
गांवदेवी रोड,
मुंबई - 400 007
दि. - 5/6/2017

प्रिय मित्र राजेश
सप्रेम नमस्कार ।

गाँव से माता-पिता के साथ में मुंबई शहर में रहने आया हूँ । यहाँ आए हमें 21 दिन हुए हैं । मैंने यहाँ के एक बड़े विद्यालय में प्रवेश ले लिया है । विद्यालय की बस में आना-जाना पड़ेगा । मुझे तो यहाँ सबकुछ बड़ा अजीब-सा लग रहा है ।

यहाँ हमारे फ्लैट में दो कमरे हैं । यहाँ गाँव जैसी खुली जगह नहीं है । हमारे पड़ोस में अलग-अलग भाषाएँ बोलनेवाले लोग रहते हैं । इस शहर में हर जगह भीड़-ही-भीड़ है । यहाँ बहुत-से होटल, सिनेमाघर और अस्पताल हैं । यहाँ के लोग साफ-सुथरे कपड़े पहनते हैं, पर इनके जीवन में शांति नहीं है ।

मुंबई में मैंने चौपाटी, मछलीघर और कमला नेहरू पार्क देखे हैं । सुना है यहाँ और भी कई दर्शनीय स्थल हैं । उन्हे क्रमशः देखूँगा ।

सचमुच, गाँव की और तुम्हारी बहुत याद आती है । अपने माता-पिता को मेरा प्रणाम ।

तुम्हारा मित्र,
अशोक संघवी

**મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.**
**મો. 99795 55105**

## राखी (रक्षाबंधन)

राखी हिन्दुओं का एक पवित्र त्योहार है । यह त्योहार हर साल सावन महीने की पूनम को मनाया जाता है । इसे 'श्रावणी' या 'रक्षाबंधन' भी कहते हैं ।

इस दिन बहन अपने भाई की कलाई पर राखी बाँधती है । राखी भाई-बहन के पवित्र प्रेम का बंधन है । राखी बाँधकर बहन भाई के लिए मंगल कामनाएँ करती है और अपनी रक्षा का भार भाई को सौंपती है । इस अवसर पर भाई अपनी बहन को कोई उपहार देता है । जनेऊ पहननेवाले लोग राखी के दिन जनेऊ बदलते हैं । राखी का त्योहार सारे भारत में मनाया जाता है । इस दिन भारत के हर नगर और गाँव में बड़ी चहल-पहल रहती है । घरों में पकवान बनते हैं ।

हिन्दू बहनों द्वारा भेजी गई राखी की इज्जत मुसलमान भाइयों ने भी की है । एक बार मेवाड़ पर बहादुरशाह ने हमला किया । मेवाड़ की राजमाता कर्मवती ने दिल्ली के बादशाह हुमायूँ को भाई मानकर उसे राखी भेजी थी । राखी मिलते ही हुमायूँ अपनी बहन कर्मवती की रक्षा के लिए दौड़ पड़ा । इस तरह राखी सभी जातियों के लिए प्रेम का एक पवित्र बंधन है ।

सचमुच, राखी हमारे देश का एक अनोखा त्योहार है ।

## पत्रलेखन

### अपने स्वास्थ्य के बारे में माताजी को पत्र लिखो ।

सरदार पटेल कन्या छात्रालय,<br>
माटुंगा,<br>
मुंबई - 400 019<br>
दि. - 15/6/2015

पूज्य माताजी,<br>
सादर प्रणाम ।

आपका पत्र मिला । मेरी तबीयत अब अच्छी है । आप किसी भी तरह की चिंता न करे । हमारी कक्षा की सभी छात्राएँ पर्यटन के लिए 'माथेरान' गई थीं । वहाँ अचानक वर्षा हुई । वर्षा में भीगने के कारण मुझे बुखार आ गया । बुखार एक ही दिन रहा । अब मैं बिलकुल स्वस्थ हूँ । चिंता की कोई बात नहीं है ।

मेरी ओर से मुन्नू और बल्लू को प्यार करें । दीदी को नमस्कार । पत्र जल्दी लिखने की कृपा करें ।

आपकी प्रिय पुत्री,<br>
रूपल

**મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.**

**મો. 99795 55105**

## कौए की बुद्धिमानी

**प्यासा कौआ – पानी के लिए इधर-उधर भटकना – घड़े में पानी देखना – पानी का बहुत नीचे होना – पानी ऊपर लाने का उपाय सोचना – घड़े में कंकड़ डालना – पानी का ऊपर आना – प्यास बुझाना – सीख ।**

एक कौआ था । एक बार उसे प्यास लगी । उसने पानी की बहुत तलाश की, पर उसे कहीं पानी नहीं मिला ।

आखिर उड़ते-उड़ते वह एक झोंपड़ी के पास आ पहुँचा । झोंपड़ी के बाहर उसे एक घड़ा दिखाई दिया । घड़े में थोड़ा-सा पानी था । पानी बहुत नीचे था । उसकी चोंच पानी तक नहीं पहुंच सकती थी ।

पानी ऊपर लाने के लिए कौए ने एक उपाय सोचा । उसने घड़े में एक-एक कंकड़ डालना शरू किया । कंकड़ों के कारण पानी ऊपर आ गया कौए ने घड़े का पानी पीकर अपनी प्यास बुझाई ।

**सीख : मुसीबत में अक्ल से काम लेना चाहिए ।**

## पेड़ – हमारे मित्र

मनुष्य और पेड़ के बीच हमेशा गहरा संबंध रहा है ।

पेड़ बड़े परोपकारी होते हैं । पेड़ हमें शीतल छाया देते है । हमें उनसे फल फूल प्राप्त होते हैं । मकान और फर्नीचर के लिए जरूरी लकड़ी पेड़ो से ही मिलती है । पेड़ो की जड़ों, तने और पत्तों से बहुत-सी औषधियाँ बनती हैं । पेड़ों के कारण हवा शुद्ध रहती है और वर्षा भी अधिक होती है । पेड़ों की हरियाली से वातावरण सुंदर बनता है । पेड़ हमें प्राणवायु देते हैं और हमारी अशुद्ध हवा स्वयं ले लेते हैं ।

सचमुच, पेड़ हमारे जीवन के अभिन्न अंग है । हमारे ऋषि-मुनि वनों में रहते थे । हमारे प्राचीन गुरूकुल भी वनों में ही थे । इसलिए भारतीय जीवन पेड़-पौधों के साथ गहराई से जुड़ा है ।

आज हम पेड़ों का महत्त्व भूल गए हैं । हम पेड़ों की अंधाधुंध कटाई करते रहते हैं । इसके कारण हमारे वन-उपवन उजड़ गए हैं । पेड़ों का विनाश होने के कारण वर्षा कम होने लगी है । पानी के अभाव मे बार-बार हमें अकाल का सामना करना पड़ता है ।

सचमुच, पेड़ों से मित्रता बनाए रखकर ही हम सुखी और सुंदर जीवन जी सकते हैं ।

**મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.**

**મો. 99795 55105**

# ધોરણ: 6 અંગ્રેજી

## MY SCHOOL

The name of my school is N. M. Vidyalaya. It is a very big school. It has three floors. There are fifteen classrooms on each floor. My school has a nice library, a big laboratory and an assembly hall. It has a big playground, too. There are many trees on the playground. There are swings and slides, too. There are two thousand children, eighty teachers and ten peons in my school. I like my school.

## MY BEST FRIEND

Nisha is my best friend. She is eleven years old. She is in my class. Nisha is a tall and thin girl. She has short, curly hair and brown eyes. Nisha is kind and helpful. She is honest and polite, too. Nisha is very active. She likes to play chess and badminton. She is a good student, too. We like to spend time together. We play together. We also study together. We help each other with our homework and other activities. Sometimes, we spend our holidays together. We go to a garden or a library. We also go for picnics with our families.

## MY FAVOURITE PLACE

**Write 10 sentences on "My Favourite Place".**
**'મારા પ્રિય સ્થળ' વિશે દસ વાક્યો લખો.**

My favourite place is the Shiva Temple on the bank of the river in my village. It is a very old temple made of stone It is small but clean and beautiful. There are idols of Lord Ganesh and Shree Ram, Sita and Hanuman too.There are many trees around the temple. People sit on the benches under the trees and enjoy the chirping of birds and cool breeze. I go to the temple every day with my grandparents. After darshan, we sit there and enjoy the peaceful atmosphere. Some people go for boat rides in the river. While my grandparents talk to their friends, I play with my friends. Then we attend the evening aarti, take prasad and return home. I like this temple because it gives me a peaceful and refreshing experience.

## MY FAMILY

My name is Ansh. There are six members in my family. My father's name is Harshadbhai. He is a doctor. My mother's name is Ankitaben. She is a teacher. I have a younger sister. Her name is Sakshi. She is seven years old. We live with our grandparents. My grandfather's name is Ashokbhai. My grandmother's name is Divyaben. My grandparents love us all a lot. When our parents are not at home, our grandparents look after us. We all have breakfast and dinner together. In the evening, we sit together and watch TV, read books or play games. On holidays, we go out together.We are a happy family. I love my family.

## A VISIT TO A FAIR

A fair was held on the day of Mahashivaratri. It was held near the Shiva Temple, on the banks of the river. I went to the fair with my friends.There were many people at the fair. There was a lot of noise and music everywhere. We saw stalls selling toys, clothes, bangles and many other things. There were food stalls, too. There was a juggler and an acrobat, too. We sat in the giant wheel and the merry-go-round. We also ate ice-cream and had cold drinks. We had a lot of fun.

મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.
મો. 99795 55105

# ધોરણ: 7 ગુજરાતી

## વૃક્ષારોપણ દિનની ઉજવણી

અમારી શાળામાં દર વર્ષે વૃક્ષારોપણદિનની ઉજવણી કરવામાં આવે છે. તેના પરિણામે અમારી શાળાના મેદાનમાં લીમડા, આસોપાલવ, ગુલમહોર જેવાં અનેક ઘટાદાર વૃક્ષો ઊગ્યાં છે.

આ વર્ષે પણ 15 મી જુલાઈના રોજ અમારી શાળામાં વૃક્ષારોપણદિન ઊજવવામાં આવ્યો હતો. આ વખતે અમે ગામની પૂર્વ દિશાએ સીમની ખુલ્લી જમીનમાં વૃક્ષારોપણ કર્યું.

અમે બધા વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યશ્રી, ગામના સરપંચશ્રી અને અન્ય સભ્યો સવારે આઠ વાગે ગામની સીમમાં એકઠા થયા. ત્યાં નક્કી કરેલી જગ્યાએ વૃક્ષારોપણ માટે ખાડા ખોદવામાં આવ્યા. પછી ગામના સરપંચશ્રી કાળુભાઈએ એક ખાડામાં આંબાનો છોડ રોપ્યો. ખાડામાં માટી, ખાતર અને ઊધઈનાશક પાઉડર નાખવામાં આવ્યાં. છોડને પાણી પાવામાં આવ્યું. અમે સૌએ તાળીઓ વગાડી અમારી ખુશી વ્યકત કરી. પછી બીજા ખાડાઓમાં પણ વિવિધ રોપા રોપવામાં આવ્યા.

ત્યારબાદ સભાનું આયોજન હતું. વિદ્યાર્થી–પ્રતિનિધિઓએ સરપંચશ્રીનું તેમજ અન્ય આગેવાનોનું પુષ્પ–ગુચ્છથી સ્વાગત કર્યું.

અમારા આચાર્યશ્રીએ વૃક્ષનો મહિમા સમજાવતાં કહ્યું, "વિશ્વમાં હવા, પાણી અને અવાજનું પ્રદૂષણ વધી રહ્યું છે. વરસાદનું પ્રમાણ ઘટી રહ્યું છે. વૃક્ષોને આડેધડ કાપવામાં આવે છે તે તેનું એક કારણ છે. વૃક્ષોનો ઘણો મહિમા છે. વૃક્ષો ફળ આપે, લાકડું આપે, હવા શુદ્ધ રાખે, વાદળાં ઠંડાં પાડી વરસાદ લાવે. વૃક્ષો પશુપંખીઓ અને વટેમાર્ગુઓનો વિસામો છે. વૃક્ષો ધરતીની શોભા છે."

પછી આભારવિધિ થઈ. સૌએ રોપેલા છોડવાઓનું જતન કરવાનો સંકલ્પ કર્યો. નાસ્તો કર્યા પછી કાર્યક્રમ સમાપ્ત થયો.

## વિચાર વિસ્તાર

**વિદ્યા પુસ્તકમાં અને પર કબજામાં ધન;**
**ભીડ પડે ના કામનાં એ વિદ્યા એ ધન.**

આ પંકિતઓમાં કવિ કહે છે કે પુસ્તકમાં રહેલી આપણી વિદ્યા અને પારકાના કબજામાં રહેલું આપણું ધન ભીડ પડે ત્યારે કામ લાગતા નથી. આથી આવી વિદ્યા અને આવું ધન હોવાનો કોઈ અર્થ નથી.

પુસ્તકમાંથી આપણને માર્ગદર્શન મળી રહે છે. પરંતુ મુશ્કેલીના સમયે પુસ્તકનાં પાનાં વાંચવા ન બેસાય. તેથી વિદ્યા કંઠસ્થ હોવી જોઈએ. એ જ રીતે બીજાને ઉછીની આપેલી રકમ આપણી મુશ્કેલીના સમયે આપણને મળી શકતી નથી. આથી આપણું ધન, મિલકત આપણા કબજામાં જ રાખવાં જોઈએ.

**મંથલી–વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.**

**મો. 99795 55105**

## એક જ ભૂલ

**એક શિલ્પી – મૃત્યુની આગાહી – પોતાના જ જેવાં છ પૂતળાં બનાવવાં – યમદૂતનું આગમન – મૂંઝવણ – યુક્તિ – 'હા, એક ભૂલ કરી છે' એમ બોલવું – શિલ્પીનો પ્રશ્ન, 'કઈ ભૂલ ?' – 'બસ આ જ ભૂલ' – શિલ્પી પકડાઈ જવો.**

એક શિલ્પી હતો. તે પથ્થરમાંથી બેનમૂન મૂર્તિઓ કંડારતો. તે એટલી સુંદર મૂર્તિઓ બનાવતો કે જોનારને એમ લાગે કે હમણા જ આ મૂર્તિ બોલી ઊઠશે.

એક દિવસ એક પ્રખર જ્યોતિષી શિલ્પીને મળવા આવ્યો. તેણે શિલ્પીને કહ્યું કે, ''પંદર દિવસ પછી તમારું મૃત્યુ થવાનું છે.'' શિલ્પી મોતથી બચવાનો ઉપાય વિચારવા લાગ્યો. તે મનમાં બોલ્યો, ''હું મારી કલાનો ઉપયોગ કરીને યમદૂતોને છેતરીશ.''

શિલ્પીએ રાતદિવસ મહેનત કરીને પથ્થરમાંથી પોતાના જેવાં જ રૂપરંગ, દેખાવ અને આકારવાળાં છ પૂતળા કંડાર્યાં. પૂતળાં એવાં આબેહૂબ બન્યાં કે તેમની વચ્ચે શિલ્પી ગોઠવાઈ જાય તો કોઈ જાણી ન શકે કે આમાં સાચો શિલ્પી કોણ હશે ?

શિલ્પી નિશ્ચિંત થઈ ગયો. પંદર દિવસ પૂરા થયા અને શિલ્પીનો મૃત્યુદિન આવી પહોંચ્યો. શિલ્પીએ એક ઓરડામાં છ પૂતળાં જમીન પર સુવાડી દીધાં. તે પોતે પણ પૂતળાની વચ્ચે સૂઈ ગયો. તે પણ પૂતળાની જેમ હલ્યાચલ્યા વિના પડી રહ્યો.

યમદૂતો શિલ્પીને લેવા આવ્યા. તેમણે ઓરડામાં સાત શિલ્પી જોયા. તેઓ મૂંઝવણમાં મૂકાઈ ગયા. તેમાંથી સાચો શિલ્પી શોધી કાઢવાનું કામ અઘરું હતું.

એક યમદૂત ચાલાક હતો. તેણે એક યુક્તિ વિચારી કાઢી. તે બોલ્યો. ''શિલ્પી ખરેખર ખૂબ હોશિયાર છે. એણે કેટલાં સુંદર પૂતળાં બનાવ્યાં છે ! પણ શિલ્પીએ પૂતળા બનાવવામાં એક ભૂલ કરી છે !''

શિલ્પીનો અહમ્ ઘવાયો. તે મનમાં બોલ્યો, પોતે કયારેય કોઈ ભૂલ કરે જ નહિ.'' પછી તે તરત જ મોટેથી બોલ્યો, ''મારા હાથે ભૂલ થાય જ નહિ, બતાવો, મારાથી કઈ ભૂલ થઈ છે ?''

યમદૂતે તરત જ તેનો હાથ પકડીને તેને ઊભો કર્યો અને કહ્યું, ''બસ, આ જ ભૂલ. તારા અહમ્‌ને લીધે તું ચૂપ ન રહી શક્યો જો તું ચૂપ રહ્યો હોત તો અમે સાચા શિલ્પીને ઓળખી શકયા ન હોત !

યમદૂતો શિલ્પીને લઈને ચાલતા થયા.

માણસનો અહમ્ તેનો વિનાશ સર્જે છે.

## અતિવૃષ્ટિ

ચોમાસું વરસાદની ઋતુ છે.

ચોમાસામાં ઘણી વાર અતિશય વરસાદ પડે છે. પરિણામે નદીનાળાં, કૂવાતળાવ વગેરે જળાશયો ઊભરાઈ જાય છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળે છે. ખેતરોમાંનો પાક ધોવાઈ જાય છે. નદીઓનાં પૂરનાં પાણી ઘણો વિનાશ સર્જે છે. કાચાં મકાનો પડી જાય છે. ઘરવખરી અને ઢોરઢાંખર તણાઈ જાય છે. કેટલાંક મૃત્યુ પણ પામે છે. રસ્તાઓ ધોવાઈ જાય છે. રેલવેના પાટા ઊખડી જાય છે. કેટલાંય વૃક્ષો પડી જાય છે. તેથી વાહન–વ્યવહાર ખોરવાઈ જાય છે. વીજળીના થાંભલા પડી જાય છે. પરિણામે અંધારપટ છવાઈ જાય છે. વળી તાર અને ટેલિફોન સેવા પણ ખોરવાઈ જાય છે. અનેક લોકો નિરાધાર થઈ જાય છે.

સરકાર અને સેવાભાવી સંસ્થાઓ પૂરપીડિતોની મદદે દોડી જાય છે. પાણીમાં ફસાયેલાં લોકોને બચાવવામાં કેટલીક વાર લશ્કરની મદદ પણ લેવામાં આવે છે. હેલિકોપ્ટર દ્વારા ફૂડપેકેટ્સ ફેંકી લોકોને ખાવાનું પહોંચાડવામાં આવે છે. નિરાધાર બની ગયેલાં લોકોને સરકારી મકાનો, ગામની ધર્મશાળા કે નિશાળોમાં આશ્રય આપવામાં આવે છે. પૂરનાં પાણી ઓસરી જતાં મૃતદેહોનો નિકાલ કરવામાં આવે છે. રોગચાળો અટકાવવા જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવે છે. છતાં ક્યારેક રોગચાળો ફાટી નીકળે છે. દાક્તરો લોકોની મદદ માટે દોડી જાય છે. નિરાધાર લોકોને અનાજ અને કપડાંની મદદ પહોંચાડવામાં આવે છે. સરકાર તેમને ઘર બનાવવા માટે નાણાની મદદ પણ આપે છે.

અતિવૃષ્ટિ કુદરતી આફત છે. તેને 'લીલો દુકાળ' પણ કહેવાય છે.

## પત્રલેખન

**તમે સૈનિક કલ્યાણ ફંડ માટે ફાળો ઉઘરાવવા કેવા પ્રયત્નો કર્યા તેનું વર્ણન કરતો પત્ર તમારા મોટા ભાઈને લખો.**

ધારા કે શાહ,
1 / શ્રીકુંજ સોસાયટી,
વાડજ, અમદાવાદ,
પિનકોડ : 380 013
તા. 14-08-2017

પૂજ્ય મોટા ભાઈ,

તમારો પત્ર મળ્યો. પત્રનો જવાબ લખવામાં મને થોડો વિલંબ થયો છે, તે બદલ હું ક્ષમા માગું છું.

છેલ્લા દસ દિવસથી હું એક કામમાં રોકાયેલી હતી. અમારા આચાર્યશ્રીએ અમને બધાંને સૈનિક કલ્યાણ ફંડ માટે ફાળો એકઠો કરવાની કામગીરી સોંપી હતી. અમને બધાંને એક–એક પરિપત્ર આપવામાં આવ્યો હતો. અમારે કોઈ પણ પાંચ વ્યક્તિઓને મળવાનું હતું. અમારે એમની પાસેથી દેશપ્રેમને લગતું એક સૂત્ર લખાવવાનું હતું અને તેમનો ફાળો મેળવવાનો હતો. મેં મમ્મી, પપ્પા, દાદા, મામા અને આપણા પાડોશી સુનિલભાઈ પાસેથી ફાળો મેળવ્યો હતો અને દેશપ્રેમને લગતું એક–એક સૂત્ર લખાવ્યું હતું.

અમારી શાળાએ પચાસ હજાર રૂપિયાનો ફાળો એકઠો કર્યો હતો. અમારા આચાર્યશ્રીએ પચાસ હજારની રકમનો ચેક કલેકટરશ્રીને અર્પણ કરી દીધો છે. અમને સૌને દેશસેવાનું આ કામ કરવાથી ખૂબ સંતોષ મળ્યો છે.

પૂજ્ય ભાભીને મારા પ્રણામ

તમારી નાની બહેન
ધારાના વંદન

## સુભાષચંદ્ર બોઝ

આઝાદીના લડવૈયાઓમાં નેતાજી સુભાષચંદ્રનું નામ મોખરે છે.

સુભાષચંદ્ર બોઝનો જન્મ કટકમાં એક સામાન્ય પરિવારમાં 23 જાન્યુઆરી 1887ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ જાનકીનાથ બોઝ અને માતાનું નામ પ્રભાદેવી હતું. તેમના પિતા શિસ્તના આગ્રહી હતા. તેમની માતા ખૂબ પ્રેમાળ અને ધાર્મિક હતાં. સુભાષચંદ્રને પિતા પાસેથી શિસ્ત અને માતા પાસેથી માનવસેવાના પાઠ શીખવા મળ્યા હતા.

સુભાષચંદ્ર પર સ્વામી વિવેકાનંદની ઊંડી અસર પડી હતી. તેઓ માનવસેવાને પ્રભુસેવા માનતા. સુભાષચંદ્રને અંગ્રેજોની કેટલીક બાબતો ગમતી. તેઓ કહેતા : 'ચુસ્ત શિસ્ત, સમયપાલન, કામ કરવાની ધગશ વગેરે ઘણું બધું આપણે ગોરી પ્રજા પાસેથી શીખવા જેવું છે."

સુભાષબાબુએ ઈંગ્લેન્ડ જઈ સારા નંબરે આઈ.સી.એસ.ની પરીક્ષા પાસ કરી હતી. તે ઊંચા હોદ્દાની સરકારી નોકરી મેળવીને ઘણી સારી કમાણી કરી શકે તેમ હતા. આમ છતાં, તે દેશની આઝાદી માટેની લડતમાં જોડાયા. તેઓ આદર્શ દેશભક્ત હતા.

સુભાષબાબુએ માતૃભૂમિની આઝાદી માટે શસ્ત્રોના ઉપયોગ દ્વારા ક્રાન્તિનો રાહ પસંદ કર્યો. અંગ્રેજ સરકારે તેમને જેલમાં પૂર્યા. ત્યાં તેમને ક્ષય રોગ લાગુ પડયો. તેથી અંગ્રેજ સરકારે તેમને નજરકેદ હેઠળ રાખ્યા. સુભાષબાબુ વેશ બદલીને નજરકેદમાંથી છટકી ગયા તથા અનેક મુસીબતો વેઠી જર્મની પહોંચ્યા અને ત્યાંથી જાપાન ગયા. ત્યાં તેમણે 'આઝાદ હિંદ ફોજ'ની રચના કરી અને 'ચલો દિલ્લી'નું એલાન આપ્યું. તેઓ વિજયકૂચ કરતા કરતા આગળ વધી રહ્યા હતા ત્યારે કુદરતી પ્રકોપ થયો. મુશળાધાર વરસાદ તૂટી પડયો. તેમને મળતો દારૂગોળો અને ખોરાકનો પુરવઠો પણ ખૂટી પડયો. તેમણે તેમની ફોજને પાછા ફરવાનો આદેશ આપ્યો. તે યુદ્ધના કામે વિમાન માર્ગે મંચુરિયા જવા નીકળ્યા હતા. તે વખતે એક વિમાની અકસ્માતમાં તેમનું અવસાન થયું હતું.

આજે પણ દેશવાસીઓ આદર સાથે આ વીર પુરુષને યાદ કરે છે. તેમનું સૂત્ર 'ચલો દિલ્લી' આપણને સદાય યાદ રહેશે.

## પત્રલેખન

**તમારો મિત્ર ભણવામાં હોશિયાર છે, પરંતુ તે પોતાની તંદુરસ્તીની કાળજી રાખતો નથી. તેને તંદુરસ્તી સુધારવાના ઉપાયો બતાવતો પત્ર લખો.**

પરેશ જે. પટેલ  
A/3/4, વિનય ફ્લેટ્સ,  
મણિનગર, અમદાવાદ,  
પિનકોડ – 380 008  
તા. 11-08-2017

પ્રિય મિત્ર સુરેશ,

તારો પત્ર મળ્યો. તું વર્ગમાં પ્રથમ સ્થાન મેળવી ઉત્તીર્ણ થયો તે માટે તને અભિનંદન

મને તારા પિતાજી મળ્યા હતા. તે તારી તબિયતની ચિંતા કરતા હતા. તારે તારી તંદુરસ્તીની કાળજી રાખવી જોઈએ. દરરોજ સવારે વહેલા ઊઠીને કસરત કરવી જોઈએ. તારી શાળામાં રમતનો તાસ પણ રાખવામાં આવતો હશે. એમાં તારે હોંશથી ભાગ લેવો જોઈએ. વળી સાંજે તારે ફરવા પણ જવું જોઈએ. તારે તારા ખોરાકની પૂરેપૂરી કાળજી રાખવી જોઈએ. રોજ સવારે દૂધ પીવું જોઈએ. દરરોજ થોડાં ફળો અને શાકભાજી પણ ખાવાં જોઈએ.

હું આશા રાખું કે એક મિત્ર તરીકે તને મારી સલાહ ગમશે. 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે.' એ સૂત્ર યાદ રાખજે.

તારાં માતા–પિતાને મારાં પ્રણામ.

તારો મિત્ર  
પરેશ

## મુક્તિનો આનંદ

**એક સૈનિક – યુદ્ધકેદી – કેદમાં બધી સગવડ છતાં દુઃખી – કેદમાંથી મુક્તિ – વતનમાં પાછા ફરવું – બજારમાં જવું – પાંજરામાં પૂરેલાં પક્ષીઓ જોવાં – દુઃખી થવું – ફેરિયા પાસેથી બધાં પક્ષી ખરીદીને મુક્ત કરવાં – ઉપદેશ.**

એક સૈનિક હતો. એક વખત યુદ્ધ દરમિયાન તે દુશ્મનોના હાથે પકડાઈ ગયો. દુશ્મનોએ તેના જેવા બીજા યુદ્ધકેદીઓની સાથે આ સૈનિકને પણ કેદમાં પૂરી દીધો.

એ કેદમાં સૈનિકને બધી જ સગવડ આપવામાં આવતી. તેને સારો ખોરાક અને સારાં કપડાં મળતાં. દુશ્મનો તેની સાથે માનવતાભર્યો વ્યવહાર કરતાં. અહીં તેને શાંતિ અને સલામતીનો અનુભવ થતો. આમ છતાં, સૈનિક આ કેદમાં ખુશ ન હતો. તેને કેદમાંથી બહાર જવા મળતું ન હતું. આથી બંધનના કારણે તેના હૃદયમાં વેદના રહ્યા કરતી.

થોડા દિવસ પછી યુદ્ધ પુરું થયું અને વિરોધી દેશો વચ્ચે સંધિ થઈ. સંધિની શરતો મુજબ બંને દેશોના યુદ્ધ કેદીઓને મુકિત આપવામાં આવી. કેદમાંથી છૂટીને આ સૈનિક પોતાના વતનમાં પાછો ફર્યો. ત્યાં તે પોતાનાં સગા–સંબંધીઓ તથા મિત્રોને મળ્યો. ઘણાં વર્ષો બાદ તેને હેમખેમ પાછો આવેલો જોઈને તેના સગાસંબંધીઓને અને મિત્રોને ઘણો આનંદ થયો.

એક દિવસ તે બજારમાં ફરવા નીકળ્યો. ત્યાં તેણે જોયું કે એક ફેરિયો પોપટ, ચકલી જેવા પક્ષીઓને પાંજરામાં પૂરી રાખીને વેચતો હતો. પક્ષીઓને પાંજરે પૂરાયેલાં જોઈ સૈનિકનું હૈયું દુઃખથી ભરાઈ આવ્યું.

તેણે ફેરિયાને કહ્યું, "ભાઈ આ બધાં પક્ષીઓને તેં શા શાટે પાંજરામાં પૂર્યાં છે ? એ બિચારાંને કેટલું બધું દુઃખ થતું હશે ?"

સૈનિકની વાત સાંભળી ફેરિયાને આશ્ચર્ય થયું. તેણે કહ્યું, "ભાઈ, તમારી વાત ખોટી છે. હું પક્ષીઓને જરાય દુઃખ દેતો નથી. હું તેમને સારી રીતે ખવડાવું–પીવડાવું છું."

સૈનિકે કહ્યું, "ભાઈ, સુખી થવા માટે શું સારી રીતે ખાવાપીવાનું મળે એટલું પૂરતું છે ? બંધનમાં રહેવાના દુઃખનો મે પણ અનુભવ કર્યો છે. તેથી પાંજરામાં પૂરાયેલા પક્ષીઓની વેદનાને હું સારી રીતે સમજી શકું છું.

આમ કહીને તેણે ફેરિયાને પૈસા ચૂકવીને બધાં પાંજરા ખરીદી લીધા. પછી એ બધાં પાંજરાં ખોલી નાખીને તેણે પક્ષીઓને છોડી મૂકયાં. પાંજરામાંથી છૂટેલાં પક્ષીઓ પાંખો ફફડાવીને આકાશમાં દૂર દૂર ઊડી ગયાં.

મુકિતમાં જે આનંદ છે તે બંધનમાં નથી.

## જો પરીક્ષાઓ ન હોય તો....?

વિદ્યાર્થીઓને વર્ષમાં ત્રણ–ત્રણ પરીક્ષાઓ આપવી પડે છે. તે સિવાય પણ તે કેટલીક બહારની પરીક્ષાઓ આપે છે. આથી વિદ્યાર્થી જાણે પરીક્ષાની ચિંતામાં જ જીવતો હોય છે. એટલે વિદ્યાર્થીને પરીક્ષાઓ ન ગમે તે સ્વાભાવિક છે.

પરીક્ષાઓ ન હોય તો વિદ્યાર્થી ચિંતામુકત થઈ જાય. પણ પછી તેની ચોપડીઓ કબાટની શોભા જ બની જાય. તે આખો દિવસ મિત્રો સાથે રમવામાં અને ફરવામાં તેમજ ટીવીના કાર્યક્રમ જોવામાં જ પસાર કરે. પછી તેને નિશાળે જવાની પણ ઈચ્છા ન રહે. તે સંગીત, નૃત્ય, ખેલકૂદ, નાટક જેવી મનગમતી પ્રવૃતિઓ કરી શકે. તેને ગોખણપટ્ટીમાંથી મુકિત મળી જાય. પરીક્ષાઓ ન હોય તો માબાપ વિદ્યાર્થીને વાંચવા માટે ટકોર પણ ન કરે

માટે ટયૂશનની વ્યવસ્થા ન કરવી પડે. માબાપ પણ ચિંતામુકત થઈ જાય. પરીક્ષાઓ હોય તો કોઈ વિદ્યાર્થીને પરીક્ષાખંડમાં નકલ કરવાની લાલચ થઈ આવે છે. જો એ નાપાસ થાય તો કયારેક આત્મહત્યાનું પગલું પણ ભરે છે. પરીક્ષાઓ ન હોય તો આમાંનું કઈ જ ન બને.

પરંતુ પરીક્ષાઓ ન હોય તો વિદ્યાર્થીને કયાં ધારાધોરણોને આધારે ઉપલા વર્ગમાં ચડાવવો ? પરીક્ષાઓ ન હોય તો વિદ્યાર્થીનું વાંચન અને લેખન પણ ઘણું જ નબળું રહી જાય. વિદ્યાર્થી વર્ગમાં બેદરકાર બની જાય. વિદ્યાર્થીને કશું ભણવાની કે જાણવાની ઈચ્છા જ ન થાય. વિદ્યાર્થીનો માનસિક અને બૌદ્ધિક વિકાસ પણ અટકી જાય.

પરીક્ષાઓ જીવનમાં જરૂરી છે. તેને માટે મહેનત કરવાની પણ જરૂર છે. મહેનત કરનાર વિદ્યાર્થીએ પરીક્ષાની ચિંતા રાખવાની જરૂર નથી. વહેલું કે મોડું મહેનતનું ફળ મળે જ છે.

## વિચાર વિસ્તાર

### ઋણ, અગ્નિ તથા વ્યાધિ લેશમાત્ર રહી જતાં<br>વધે ફરી ફરી, તેથી કદી ન બાકી રાખવાં.

આ પંકિતઓમાં કવિએ જીવનનું વ્યાવહારિક સત્ય સમજાવ્યું છે. ઋણ (દેવું) અગ્નિ અને વ્યાધિ – આ ત્રણેયનો સમૂળગો નાશ કરી દેવો જોઈએ. એનો અંશ માત્ર પણ બચી જાય, તો તે વધીને ફરીથી ઘણું મોટું સ્વરૂપ ધારણ કરે છે. જો કોઈ માણસના માથે દેવું હોય અને તે માણસ દેવું પૂરેપૂરું ચૂકવે નહિ તો બાકી રહેલા કરજનું વ્યાજ વધી જાય છે. આગને પણ પૂરેપૂરી બુઝાવી નાખવી જોઈએ. જો તેમાં એક અંગારો પણ રહી જાય તો કયારેક તેમાંથી મોટો ભડકો થઈ જાય અને તેનાથી આપણને ભારે નુકશાન થાય. એ જ રીતે આપણા શરીરને કોઈ રોગ થયો હોય તો તેને પણ જડમૂળમાંથી મટાડવો જોઈએ. થોડો આરામ થતાં આપણે દવા કરવાનું છોડી દઈએ તો રોગ ફરીથી ઊથલો મારે છે અને કેટલીક વાર તો તે રોગ બેકાબૂ બની જાય છે.

આપણે ઋણ, અગ્નિ અને વ્યાધિની બાબતમાં જરા પણ બેદરકાર રહ્યા વિના તેનો સંપૂર્ણ નાશ કરવો જોઈએ.

**મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.**

**મો. 99795 55105**

# ધોરણ: 7 હિન્દી

## तिरंगा झंडा

हर देश का झंडा वहाँ के नागरिकों की भावनाओं का प्रतीक होता है । हमारा तिरंगा झंडा भी भारतीय नागरिकों की भावनाओं का प्रतीक है ।

हमारे देश का झंडा तिरंगा है । उसमे ऊपर केसरिया रंग का, बीच में सफेद रंग का और नीचे हरे रंग का पट्टा है । सफेद पट्टे पर बीच में एक चक्र है । इस चक्र को 'अशोक चक्र' कहते है । झंडे के ऊपर का केसरिया रंग वीरता और बलिदान का संदेश देता है । बीच का सफेद रंग और अशोक-चक्र शांति और उन्नति की राह पर आगे बढ़ने की प्रेरणा देते हैं । नीचे का हरा रंग विकास करते हुए समृद्धि प्राप्त करने का सूचक है ।

पुराने जमाने से ही हम भारतीय वीरता और बलिदान के लिए प्रसिद्ध रहे हैं । हम शांति पसंद करते है । शांति के साथ हम समृद्धि और विकास के लिए भी प्रयत्न कर रहे हैं । इस तरह हमारा झंडा हमारे देश का प्रतीक है ।

हम अपने झंडे का आदर करते हैं । हमें यह प्राणों से भी ज्यादा प्यारा है । इसके सम्मान की रक्षा करना हमारा कर्तव्य है ।

**विजयी विश्व तिरंगा प्यारा**
**झंडा ऊँचा रहे हमारा ।**

## मेरा देश

**परिचय - प्राकृतिक शोभा - इतिहास, सभ्यता, संस्कृति - महापुरुष - दर्शनीय स्थान, उज्जवल भविष्य**

भारत मेरा देश है । यह एशिया महाद्वीप के दक्षिणी भाग में स्थित है । महाराज दुष्यंत व शकुंतला के वीर और प्रतापी पुत्र भरत के नाम पर हमारे देश का नाम 'भारत' पड़ा । इसे 'हिंदुस्तान' भी कहते हैं । अंग्रेजों के शासन-काल में इसका 'इंडिया' नाम प्रचलित हुआ । यह दुनिया का सबसे बड़ा लोकतांत्रिक राष्ट्र है ।

भारत के उत्तर में गिरिराज हिमालय सिर ऊँचा किए खड़ा है । देश के दक्षिण में हिंद महासागर तथा पश्चिम में अरब सागर हैं । पूर्व में बांग्लादेश व ब्रह्मदेश हैं । गंगा, यमुना, ब्रह्मपुत्र, सिंधु, गोदावरी, नर्मदा आदि हमारे देश की पवित्र नदियाँ है । इन नदियों के कारण ही हमारा देश इतना उपजाऊ बना है । कश्मीर को 'धरती का स्वर्ग' कहा जाता है । इसकी प्राकृतिक शोभा बहुत रमणीय है ।

भारत संसार का सबसे प्राचीन देश है । यह सुसंस्कृत और सभ्य बननेवाला दुनिया का सर्व -प्रथम देश है । यहाँ की संस्कृति बहुत प्राचीन और समृद्ध है । यहाँ विभिन्न जातियों एवं संप्रदायों के लोग मिल-जुलकर रहते हैं । भारत में कई भाषाएँ बोली जाती है । भारत के वेद दुनिया के आदि ग्रंथ माने जाते हैं । रामायण और महाभारत हमारे देश के सुप्रसिद्ध महाकाव्य हैं । भारत शिक्षा, कला, व्यापार, संस्कृति आदि सभी क्षेत्रों में सदैव आगे रहा है । यहाँ के लोग आस्तिक, मेहनती तथा ईमानदार हैं ।

मेरा देश राम, कृष्ण, महावीर, बुद्ध, अशोक, शिवाजी, राणा प्रताप, महात्मा गांधी आदि महापुरुषो की जन्मभूमि है । इस देश में दुर्गावती, रानी लक्ष्मीबाई तथा अहिल्याबाई जैसी अनेक वीरांगनाएँ हुई हैं ।

भारत अपनी शिल्पकला के लिए प्रसिद्ध है । अजंता एवं एलोरा की गुफाएँ, दक्षिण के भव्य मंदिर, ताजमहल, कुतुबमीनार आदि यहाँ के देखने लायक स्थान है । शिमला, नैनीताल, महाबलेश्वर, माथेरान तथा उटकमंड आदि यहाँ के प्रसिद्ध पर्वतीय स्थल हैं । दिल्ली हमारे देश की राजधानी है । मुंबई, कोलकाता, चेन्नई, बंगलोर आदि यहाँ के औद्योगिक व समृद्ध महानगर हैं ।

हमारे देश में लंबे समय तक अंग्रेजों का शासन रहा । इसके कारण यह देश पिछड़ गया था । 1947 में आजाद होने के बाद यह लगातार आगे बढ़ रहा है । अब तो भारत एक परमाणु-संपन्न राष्ट्र बन गया है । भारत का भविष्य बहुत उज्जवल है । मेरा भारत मुझे प्राणों से भी प्यारा है ।

जय भारत ! वंदे मातरम् !

## पत्रलेखन

### ज्यादा टी.वी. न देखने के बारे में छोटे भाई को पत्र लिखो ।

17, सरदार छात्रावास,
मेमनगर,
अहमदाबाद - 380 052
दि. 24/07/2017

प्रिय अंशु,
खुश रहो ।

आज सुबह माताजी का पत्र मिला । उन्होंने लिखा है कि तुम टी.वी. बहुत देखते हो । इसका असर तुम्हारी पढ़ाई पर भी पड़ रहा है । पिछले सत्र की परीक्षा में तुम गणित और विज्ञान में अनुत्तीर्ण हो गए थे । तुम्हारी इस असफलता से मुझे बड़ा दुःख हुआ है ।

अंशु, तुम एक अच्छे और समझदार लड़के हो । टी.वी. देखकर थोड़ा-बहुत मन बहला लेना बुरा नहीं है । परन्तु उसके पीछे अधिक समय बिताना नासमझी है । यह समय का दुरूपयोग है । समय के दुरूपयोग का परिणाम कभी अच्छा नहीं होता । इसलिए तुम्हे अधिक से अधिक समय का सदुपयोग करना चाहिए । अपनी पढ़ाई पर पूरा ध्यान देकर ही तुम समय का सबसे अच्छा सदुपयोग कर सकते हो । आशा है, मेरी बात मानकर टी.वी. से ज्यादा अपनी पढ़ाई पर ध्यान दोगे ।

तुम्हारा भाई,
प्रांजल मोदी

**મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.**
**મો. 99795 55105**

## जैसा करोगे, वैसा पाओगे

**चार चोरों का धन चुराना - बँटवारे के लिए जंगल में जाना - भूख लगना - दो चोरों का मिठाई खरीदने के लिए जाना - नीयत बिगड़ना - मिठाई में जहर मिलाना - इधर जंगल में दोनों चोरों के मन में भी दुष्ट विचार आना - मिठाई लानेवालों को मार डालने की युक्ति सोचना - हाथ-मुँह धोने के लिए कुएँ पर ले जाना - दोनों को कुएँ में ढकेल देना - मिठाई खाकर बाकी के दो चोरों का भी मर जाना - सीख । ]**

एक रात चार चोरों ने एक सेठ के घर में चोरी की । वहाँ से बहुत-सा धन चुराकर वे जंगल में भाग गए । जंगल में धन का बँटवारा करने का उनका विचार था ।

चोर जंगल में बहुत दूर निकल गए । अब सुबह होनेवाली थी । चोरों को जोर की भूख लगी थी । उनमें से दो चोर पास के गाँव में मिठाई खरीदने गए । रास्ते में उनकी नीयत बिगड़ गई । उन्होंने सोचा कि उन दोनों को मारकर सारा माल हम हजम कर लें । इस इरादे से उन दोनों चोरों ने मिठाई खरीदकर उसमें जहर मिला दिया ।

जंगल में जो दो चोर थे उनके मन में भी ऐसा ही दुष्ट विचार आया । उन्होंने मिठाई खरीदने के लिए जो चोर गए थे उनको मार डालने की तरकीब सोची । जैसे ही वे मिठाई लेकर आए तो दोनों चोर हाथ-मुँह धोने के बहाने उन्हें कुएँ पर ले गए । उन्होंने उनको कुएँ में ढकेल दिया । दोनों चोर कुएँ में डूबकर मर गए ।

इसके बाद बचे हुए दोनों चोरों ने भरपेट मिठाई खाई । थोड़ी ही देर में मिठाई का जहर उनके सारे शरीर में फैल गया । देखते-ही-देखते उनके भी प्राण निकल गए ।

**सीख : जैसा करोगे वैसा ही फल मिलेगा । बुरा काम करनेवालों को सदा बुरा ही फल मिलता है ।**

## महान वैज्ञानिक एडीसन

एडीसन की गिनती संसार के महान वैज्ञानिकों में होती है । उनका पूरा नाम थोमस एलवा एडीसन था । उनका जन्म 11 फरवरी, 1847 को अमेरिका में हुआ था ।

एडीसन बचपन से ही तरह-तरह के प्रयोग करते रहते थे । स्कूल की पढ़ाई में उनका मन नहीं लगता था । घर में ही छोटे-छोटे प्रयोग करने में माँ उनका साथ देती थी । गरीबी के कारण बालक एडीसन अखबार बेचने का काम भी करते थे ।

धीरे-धीरे एडीसन के प्रयोग सफल होने लगे । उस समय के तार-यंत्र से प्रायः गडबड़ी होती रहती थी । एडीसन ने उसमें सुधार किए । टेलीफोन और ग्रामोफोन की खामियों को भी उन्होने दूर किया । ट्रेनों का समय बतानेवाले इन्डिकेटर का आविष्कार एडीसन ने ही किया था । उन्होंने लगभग एक हजार से अधिक आविष्कार किए हैं ।

आज हम बिजली का तरह-तरह से उपयोग करते हैं । बिजली हमें रोशनी देती है । उससे पंखे चलते हैं, मशीनें चलती है । इस बिजली का आविष्कार एडीसन ने ही किया था । सचमुच, बिजली का आविष्कार कर एडीसन ने दुनिया पर बहुत बड़ा उपकार किया है ।

18 अक्तूबर, 1931 को एडीसन की मृत्यु हुई । दुनिया विज्ञान के इस जादूगर को हमेशा याद रखेगी ।

## पत्रलेखन

**आपने देखे हुए किसी ऐतिहासिक स्थान का वर्णन करते हुए अपने मित्र को पत्र लिखिए ।**

53, 'इन्द्रधनुष'
अंकुर सोसायटी,
मणिनगर,
अहमदाबाद - 380 008
30 अक्तूबर, 2017

प्रिय मित्र आशिष

सप्रेम नमस्कार ।

पिछले दिनों मैं अपने चाचाजी के साथ औरंगाबाद गया था । इसलिए तुम्हें पत्र न लिख सका । वहाँ मुझे अपने चाचाजी के साथ अजंता की गुफाएँ देखने का मौका मिल गया ।

अजंता की गुफाएँ बौद्धकाल की हैं । बौद्ध साधु शायद इन एकान्त गुफाओं में रहकर साधना करते थे । बौद्ध धर्म के पतन के बाद लोग इस स्थान को बिलकुल भूल गये । सन् 1819 में एक अंग्रेज शिकारी को अचानक ही इन गुफाओं का पता चला । तब से ये गुफाएँ सारे संसार का आकर्षण बन गई है । इन गुफाओं की गिनती संसार की श्रेष्ठ कलाकृतियों में होती है ।

अजंता के चित्रों में चित्रकला की सभी खूबियाँ पाई जाती है । उनके रंग और रेखाएँ आज भी पूर्ववत् है । उनमे तीन चित्र मुझे बहुत पसंद आए - 'पद्मपाणि बोधिसत्व', 'यशोधरा और राहुल' तथा 'संवाद लेकर आया हुआ एक बूढ़ा राजदूत' । सबसे बड़ा आश्चर्य तो यह है कि अजंता की सभी 29 गुफाएँ एक ही पर्वत की चट्टान से काटकर बनाई गई है ।

हमारा विचार तो एलोरा जाने का भी था, पर समय की कमी के कारण हम नहीं जा सके ।

अपना हाल लिखना ।
तुम्हारे माता-पिता को प्रणाम ।

तुम्हारा ही,
राहुल

## भलाई का बदला

**नाले के किनारे एक वृक्ष - वृक्ष पर एक कबूतर - नाले में बहती हुई चींटी - कबूतर का देखना - पत्ता तोड़कर नाले में गिराना - पत्ते के सहारे चींटी का किनारे पर आना - एक शिकारी का कबूतर पर निशाना ताकना - चींटी का देखना - शिकारी के पैर में काटना - चौंकना - निशाना चूकना - पत्तों की खड़खड़ाहट - कबूतर का उड़ जाना - सीख ।** ]

गंगापुर रेलवे-स्टेशन के पास एक छोटा-सा नाला बहता था । उस नाले के किनारे पर बरगद का एक वृक्ष था । उस पर एक कबूतर रहता था ।

**મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.**
**મો. 99795 55105**

एक दिन दोपहर को कबूतर बरगद के वृक्ष की एक डाली पर बैठा था । इतनें में उसने नाले के पानी में एक चींटी को बहते हुए देखा । वह किनारे पर पहुँचने के लिए छटपटा रही थी । कबूतर को इस चींटी पर दया आ गई । उसने तुरन्त एक पत्ता तोड़कर नाले में चींटी के पास गिरा दिया । चींटी झटपट पत्ते पर चढ़ गई और उसके सहारे किनारे पर आ गई । उसने मन-ही -मन कबूतर का एहसान माना ।

कुछ दिनों के बाद एक शिकारी उस बरगद के पास आया । पेड़ पर कबूतर को देखकर उसने निशाना लगाया । कबूतर को तो इस बात का खयाल तक न था । इतने में उस चींटी ने शिकारी को देख लिया । शिकारी तीर चलानेवाला ही था कि चींटी ने उसको पैर में काट लिया । शिकारी चौंक पड़ा । उसके धनुष से तीर तो छूट गया, पर वह निशाना चूक गया । पत्तों की खड़खड़ाहट सुनकर कबूतर उड़ गया । उसकी जान बच गई ।

इस प्रकार चींटी ने कबूतर की जान बचाकर उपकार का बदला चुका दिया ।

**सीख : भलाई करनेवाला का सदा भला ही होता है । अतः, हमें दूसरों का हमेशा भला करना चाहिए ।**

## दशहरा

दशहरा हिन्दुओं का एक धार्मिक त्योहार है । यह आश्विन महीने के शुक्लपक्ष की दशमी के दिन मनाया जाता है ।

सारे भारत में यह त्योहार बड़ी धूमधाम से मानया जाता है । इस दिन श्रीराम ने रावण को मारा था । श्रीराम की विजय की याद में नवरात्रि में रामलीलाएँ होती हैं । फिर दशहरे के दिन रावण और कुंभकर्ण के पुतले जलाए जाते हैं । इसी दिन दुर्गा माता ने महिषासुर राक्षस का वध किया था । माता दुर्गा की विजय की याद में आज भी नवरात्रि का उत्सव मनाया जाता हैं । नौ दिन देवी-पूजा होती है । इन दिनों गुजरात में रास-गरबे की धूम मचती है ।

श्रीराम और दुर्गा माता की विजय की याद में यह उत्सव मनाया जाता है । इसलिए इसको 'विजयादशमी' भी कहते हैं ।

बरसात के दिनों में हमारे कई काम रूक जाते हैं । दशहरे के दिन चौमासा पूरा होता है । इसलिए किसी भी मांगलिक कार्य को शुरू करने के लिए दशहरा शुभ दिन माना जाता है । यह विजय और आनंद का दिन है ।

हमेशा अधर्म की हार और धर्म की जीत होती है । इसलिए हमें सदा धर्म के रास्ते पर चलना चाहिए । विजयादशमी का यही संदेश है ।

**મંથલી-વિકલી ટેસ્ટ તથા છમાસિક, વાર્ષિક પરીક્ષાના પેપર માટે સંપર્ક કરો.**

**મો. 99795 55105**

# ધોરણ: 7 અંગ્રેજી

## MY FAVOURITE FESTIVAL

My favourite festival is Diwali. It is celebrated in the month of Ashvin or Kartik. Diwali is a festival of lights. We clean our house and buy new clothes. Mother prepares special sweets and snacks for Diwali. We decorate our house with beautiful lights and flowers. I draw colourful rangolis. We decorate the door with festoons made of marigold flowers. At night, we light earthen lamps. We enjoy bursting crackers. On the day of Diwali, we perform Lakshmi Pooja. On the day of New Year, we visit our friends and relatives and wish one another.

## SAVE WATER AND WATER WILL SAVE YOU

Water is very important in our life. It is essential for all living beings. We use water for drinking, cooking, bathing, washing utensils and clothes, etc. We cannot live without water. Even birds and animals need water. Plants, trees and crops also need water to grow. We must not waste water. We should not leavetaps open while washing hands or brushing our teeth. We should use bucket and mug for bathing. We should fix water leakages. We should keep our rivers and lakes clean. We must not pollute water by throwing garbage and releasing factory chemicals into it. Save water and water will save you.

## THE RAINY SEASON

The rainy season begins in June. it ends in october. The sky is full of dark clouds. It rains with thunder and lighting. Sometimes there are stormy winds and heavy rain. We use raincoats, gumboots and umbrellas in the rainy season. The roads are full of water. Children love to play in the rain. They make small paper boats and sail them in the puddles and flowing water. The monsoon is a very important season for the farmers. They sow seeds in this season. Sometimes it rains very heavily. Then there are floods. Sometimes the monsoon fails. Then there is a drought. During the rainy season, the trees look bright green. The peacock spreads its colourful feathers and dances. We see the rainbow in the sky. Nature wears a beautiful look in the rainy season.

## MY FAVOURITE TEACHER

Mrs Latikaben Patel is my class teacher. She is young and active. She always wears a simple sari. She has a pleasing personality. Mrs Patel teaches us English and Social Science. Her method of teaching makes the subjects very easy. Her teaching is also very interesting. She tells us many stories and incidents. She also gives us a lot of general knowledge. Mrs Patel is very punctual and regular. She maintains discipline in the class. She is kind, gentle and loving. She is very patient. She is always ready to help us in our need. Mrs Patel is a very popular teacher. We all love and respect her. She is my favourite teacher.

## MY CITY

I live in Ahmadabad. It is situated on the banks of the river Sabarmati. There were many textile mills in Ahmadabad. In the old Ahmadabad city, people live in pols. The houses in the pols are usually two-storeyed. They have beautifully carved doors and windows. The old Ahmadabad is still a centre of trade and commerce. Ahmadabad has developed very fast. There are bungalows and flats. The roads are wide. There are many schools, colleges, shopping-centres, restaurants, gardens and hospitals. The city has many historical places and monuments. The Sabarmati Ashram, the Hatheesingh Jain Temple, Dada Hari ni Vav, Jumma Masjid, Shaking Minarets and the Calico Textile Museum are some of the attractions of this city. Ahmadabad faces the problems of overpopulation, slums, water scarcity and pollution.

# ધોરણ: 8 ગુજરાતી

## પત્રલેખન

**તમારી શાળાને વર્ગપુસ્તકાલય માટે કેટલાંક પુસ્તકોની જરૂર છે. તે માટે જાણીતા પુસ્તકવિક્રેતાને પત્ર લખો.**

નવેચતન માધ્યમિક શાળા,
લીંબડિયા, તા. લુણાવાડા.
PIN : 389 230.
તા. 20/06/2017

પ્રતિ,
વ્યવસ્થાપકશ્રી
નવનીત બુક સ્ટોર,
ગુરુકુળ રોડ
અમદાવાદ – 380 053

અમારી શાળાના વર્ગપુસ્તકાલય માટે નીચે જણાવેલાં પુસ્તકોની જરૂર છે.

(૧) ગાલા વિશાલ શબ્દકોશ : ૪ નકલ
(૨) નવનીત ગુજરાતી નિબંધમાળા ધોરણ 8-9 : ૪ નકલ
(૩) Navneet English Essays For Std VII - IX : ૪ નકલ
(૪) Moral Tales (Part 1, 2, 3) : ૪ સેટ

ઉપર જણાવેલા પુસ્તકો વી.પી.પી. દ્વારા અમારી શાળાના સરનામે મોકલી આપવા વિનંતી છે. બિલમાં યોગ્ય વટાવ આપશો એવી આશા છે. પુસ્તકોની વિગતવાર નોંધ સાથેનું બિલ જુદી ટપાલ દ્વારા મોકલી આપી આભારી કરશોજી.

આપના સહકારની અપેક્ષા સાથે,

લિ.
આપનો વિશ્વાસું
હરેશ શાહ

## વિચાર વિસ્તાર

**ચેહ ઠરે, દુ:ખડાં ઠરે, ઠરી જાય ખટરાગ;**
**પણ ઈરખાની આગ ઠારે ત્યમ બમણી બળે.**

